Saturday 14, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વાપીમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિએ ભવ્ય ઉજવણીની તૈયારીઓ શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૨ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે વાપીમાં જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરાશે, નામધા રીંગરોડ સર્કલ ખાતે પ્રતિમાનું અનાવરણ થશે.

આદિવાસી સમાજના ગૌરવ અને મહાન સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં ઉજવાતા 'જનજાતીય ગૌરવ દિવસ'ની વાપીમાં પણ ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ નિમિત્તે વાપી મહાનગરપાલિકા દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોની રૂપરેખા જનસમક્ષ રજૂ કરવા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રેસ કોન્ફરન્સમાં વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી (IAS), ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરીટસિંહ રાણા તથા વિશાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી અંતર્ગત યોજાનારા કાર્યક્રમો તેમજ વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના ભાગરૂપે વાપીના નામધા રીંગરોડ સર્કલ ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જેનું વિધિવત અનાવરણ કરવામાં આવશે. ત્યારબાદ અનાવિલ સમાજના હોલ સામે આવેલા મેદાનમાં વિશાળ જાહેર સભાનું આયોજન કરવામાં આવશે. આ સભામાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઉપરાંત વિવિધ સમાજના અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહી ભગવાન બિરસા મુંડાને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.









વાપીથી આમરણ વચ્ચે નવી સ્લીપર કોચ બસ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧૩ : વાપી એસ.ટી. ડેપો દ્વારા આજ રોજ વાપી-રાજકોટ-આમરણ વચ્ચે નવી સ્લીપર કોચ બસ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા વર્ષ ૨૦૨૪થી પોતાના વતન જવા માટે વાપી-આમરણ બસની માંગણી કરવામાં આવી રહી હતી. હાલ વિશ્વકર્મા ધામ, આમરણ ખાતે ત્રણ દિવસનો ધાર્મિક કાર્યક્રમ યોજાનાર હોવાથી અનેક વિશ્વકર્મા સમાજના લોકો ત્યાં ઉપસ્થિત રહેનાર છે. તેને ધ્યાનમાં રાખીને વાપી ડેપો દ્વારા આ બસ સેવા શરૂ કરવામાં આવી છે.

આ બસ વાપીથી સાંજે ૧૮.૦૦ વાગ્યે ઉપડશે અને સવારે ૦૯.૦૦ વાગ્યે આમરણ પહોંચશે. જ્યારે આમરણથી સાંજે ૧૭.૦૦ વાગ્યે ઉપડીને સવારે ૦૮.૦૦ વાગ્યે વાપી આવશે.

આ બસ વાયા નવસારી, સુરત, અંકલેશ્વર, વડોદરા, બોરસદ, લીમડી, રાજકોટ, ધ્રોલ, ભાદરા પાટિયા, વાલંબા, જીરાગઢની ધાર, જામદુધાઈ થઈને આમરણ જશે.

બસને લીલી ઝંડી આપવાના પ્રસંગે વિભાગીય નિયામક, એસ.ટી. વિભાગના માત્રોજા સાહેબ, લઘુ ઉદ્યોગ વલસાડના પ્રમુખ મયુરભાઈ પટેલ, અન્ય ઉદ્યોગપતિઓ, ગુર્જર સમાજના સંગઠન મંત્રી, ગુર્જર સમાજના - મુખ કિશોરભાઈ ટાંક, વલસાડ એસ.ટી. વિભાગ કર્મચારી મંડળના મહામંત્રી ધનસુખ પટેલ, વાપી ડેપો મેનેજર જયદીપ માંહલા સાહેબ તેમજ મોટી સંખ્યામાં કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતાં.

સમાજના લોકોએ આ નિર્ણયને આવકારીને એસ.ટી. વિભાગનો આભાર માન્યો હતો.

વાપીમાં રાજસ્થાન પ્રગતિ મંડળનું દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૩ : વાપી તેમજ પડોશી કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા-નગર હવેલીમાં વસતા રાજસ્થાની સમાજની અગ્રણી સંસ્થા રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સોમવારે સાંજે રાજસ્થાન ભવન ખાતે ભવ્ય દિવાળી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ, સભ્યો અને પરિવારજનોએ ઉપસ્થિત રહી દિવાળી પર્વની ખુશીઓ એકબીજા સાથે વહેંચી હતી.



કાર્યક્રમનો પ્રારંભ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર IAS સ્મિત લોઢા, સુરત પોલીસના સાયબર સેલના ડેપ્યુટી કમિશનર IPS વિશાખા જૈન, મંડળના પ્રમુખ શ્રવણ નૈન, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી રાજેશ દુગ્ગડ, વિશેષ મહેમાન ડૉ. નરેન્દ્ર જૈન સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રવણ નૈને સૌને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે દિવાળીનો પર્વ પરસ્પર મતભેદો ભૂલી પ્રેમ, ભાઈચારો, સંવાદિતા અને સામાજિક એકતાને મજબૂત બનાવવાનો સંદેશ આપે છે. આ વર્ષની ઉજવણી વિશેષ એટલા માટે છે કે મંડળના સ્થાપક સભ્ય ડૉ. નરેન્દ્ર જૈનની પુત્રી IPS વિશાખા જૈન અને તેમના પતિ તથા સ્મિત લોઢાની ઉપસ્થિતિએ સમગ્ર રાજસ્થાની સમાજનું ગૌરવ વધાર્યું છે.

સ્મિત લોઢાએ પોતાના સંબોધનમાં રાજસ્થાની સંસ્કૃતિ અને પરંપરાથી ઓત-પ્રોત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પોતાના પણાનો અનુભવ થતો હોવાનું જણાવ્યું હતું. તેમણે યુવાનોને પોતાની માતૃભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડાયેલા રહી જીવનમાં પ્રગતિ કરવા પ્રેરિત કર્યા હતા. જ્યારે IPS વિશાખા જૈને વાપીના રાજસ્થાન ભવન સાથે બાળપણની યાદો વાગોળતાં જણાવ્યું હતું કે તેઓ બાળપણથી જ પરિવાર સાથે અહીં યોજાતા કાર્યક્રમોમાં હાજરી આપતાં આવ્યાં છે. સમાજના લોકોનો પ્રેમ અને લાગણી જોઈ તેઓ અભિભૂત થયાં હતાં. તેમણે ખાસ કરીને સમાજની દીકરીઓ અને યુવાનોને જીવનમાં ઊંચાં લક્ષ્યો નક્કી કરી આત્મવિશ્વાસ સાથે આગળ વધવા આહ્વાન કર્યું હતું.

કાર્યક્રમમાં ગુજરાતી ગરબા અને રાજસ્થાની લોકનૃત્યોની પ્રસ્તુતિએ કાર્યક્રમમાં સાંસ્કૃતિક રંગત જમાવી હતી. બમંડળના જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી રાજેશ દુગ્ગડે સંસ્થાને વધુ મજબૂત બનાવવા અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વેગ આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના અંતે મંડળના સચિવ રાધાકૃષ્ણ સૈનીએ ઉપસ્થિત તમામ મહેમાનો, સમાજના અગ્રણીઓ અને સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

વાપી મોટી સુલપડથી સાઈ ભક્તોની પદયાત્રા શિરડી તરફ રવાના



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૩ : શ્રદ્ધા અને સબૂરીના સંદેશ સાથે શ્રી સાઈ નવયુવક મિત્ર મંડળ દ્વારા આયોજિત પદયાત્રાનો આજે ભવ્ય પ્રારંભ થયો. મોટી સુલપડ, વાપીથી શિરડી સુધીની આ પદયાત્રામાં વોર્ડ નં. ૧૧ના ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગુરુવાર, તા. ૧૨/૧૧/૨૦૨૬ના રોજ વહેલી સવારે ભક્તો એકઠા થયા હતા. સમગ્ર વાતાવરણ ૐ સાઈ રામના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક માજી નગરપાલિકા કાઉન્સિલર અને સમાજ સેવક મંગેશભાઈ પટેલ દ્વારા તમામ પદયાત્રીઓનું ફૂલહાર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે ભક્તોને શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે, સાઈ બાબાની કૃપાથી સૌની યાત્રા સુખ-શાંતિથી પૂર્ણ થાય.

મંગેશભાઈ પટેલે જણાવ્યું કે, આ પદયાત્રા માત્ર ધાર્મિક યાત્રા નથી, પરંતુ શ્રદ્ધા, એકતા અને સેવાનું પ્રતીક છે. યુવાનોમાં સંસ્કાર અને સમાજ પ્રત્યેની જવાબદારી જાગૃત થાય એ જ આ આયોજનનો મુખ્ય હેતુ છે.

આ પ્રસંગે મંડળના આયોજકો, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ પાણી, ભોજન અને આરોગ્યની સુવિધા માટે સેવા આપનાર સૌનો આભાર માન્યો હતો. પદયાત્રીઓના ચહેરા પર ઉત્સાહ અને ભક્તિભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો હતો. સમગ્ર વાપીમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો.

સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

પરિયા આધાર ટ્રસ્ટના વૃધ્ધો સાથે દિવાળીની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૩ : વાપીના સમાજસેવક કિરણ રાવલ અને વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના સભ્યોએ અનોખી રીતે નવા વર્ષની ઉજવણી કરી હતી. ટ્રસ્ટના સભ્યોએ પરિયા ગામ ખાતે આધાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ ત્યાં રહેતા આશરે ૧૬૦ જેટલા વૃદ્ધો સાથે કેક કાપીને નૂતન વર્ષની ખુશીઓ વહેંચી હતી.



પ્રાપ્ત વિગતો મુજબ, વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સમાજસેવક કિરણ રાવલ સહિત ટ્રસ્ટના સભ્યો છેલ્લા આઠ વર્ષથી વલસાડ જિલ્લા ઉપરાંત આહવા-ડાંગ સહિતના વિસ્તારોમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. સમાજસેવાની આ પરંપરાને આગળ વધારતા ટ્રસ્ટના સભ્યો છેલ્લા ચાર વર્ષથી દર વર્ષે નવા વર્ષની શરૂઆત વૃદ્ધાશ્રમના વડીલો સાથે સમય વિતાવીને કરે છે.

આ વર્ષે પણ નૂતન વર્ષના દિવસે ટ્રસ્ટના સભ્યો પરિયા ગામના આધાર ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમ પહોંચ્યા હતા. જ્યાં આશરે ૧૬૦ વૃદ્ધોની ઉપસ્થિતિમાં 'Welcome New Year'ની કેક કાપી નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તમામ વૃદ્ધોને સૂકો નાસ્તો, ફ્રૂટ અને મીઠાઈનાં પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના સભ્યોએ દરેક વડીલને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી તેમની સાથે આત્મીયતાપૂર્વક સમય વિતાવ્યો હતો. વડીલોના આશીર્વાદ મેળવીને નવા વર્ષની શરૂઆત કરવામાં આવી હતી.

ધરમપુરના શ્રી રામકૃષ્ણ ધ્યાન મંદિરમાં દિવાળીની ભક્તિમય ઉજવણી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૩ : ધરમપુરના રાજમહેલ રોડ સ્થિત નવનિર્મિત શ્રી રામકૃષ્ણ ધ્યાન મંદિર ખાતે શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા દિવાળીના પાવન પર્વ નિમિત્તે ઠાકુરભક્તો માટે ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. શારદામઠ, વલસાડનાં અધ્યક્ષ પ્રવ્રાજિકા સુગત-પ્રાણા માતાજી તથા પ્રવ્રાજિકા સત્યનિષ્ઠા-પ્રાણા માતાજીની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભક્તિમય માહોલ છવાયો હતો.

સાંજે ૬:૩૦ કલાકે શરૂ થયેલા કાર્યક્રમમાં વિધિ વસાણી અને શિલ્પા વસાણી દ્વારા મધુર કંઠે સંધ્યા આરતી અને ધૂનની રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રવ્રાજિકા સુગતપ્રાણા માતાજીએ દિવાળીના આધ્યાત્મિક મહત્ત્વ અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે દિવાળી માત્ર દીવડાં -ગટાવવાનો તહેવાર નથી, પરંતુ અંધકારમાંથી પ્રકાશ, અજ્ઞાનમાંથી જ્ઞાન અને અસત્યમાંથી સત્ય તરફ આગળ વધવાની પ્રેરણા આપતો પર્વ છે. તેમણે શ્રી રામકૃષ્ણદેવના જીવન-સંગો દ્વારા ભક્તોને આધ્યાત્મિક ચિંતન અને સાધનાનું મહત્ત્વ સમજાવ્યું હતું. નોંધનીય છે કે શ્રી રામકૃષ્ણ ધ્યાન મંદિરના નવનિર્માણ બાદ પ્રથમ વખત દિવાળીના પર્વની ઉજવણી કરવામાં આવી હોવાથી ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. મંદિર પરિસરમાં આતશબાજીનું આયોજન કરાયું હતું, જેમાં બાળકોએ ફટાકડા ફોડી પર્વની ખુશી વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે ડો. દોલતભાઈ દેસાઈ, ગિરીશભાઈ સોલંકી, મુકેશભાઈ મેરાઈ, રાહુલભાઈ વસાણી, હિતેશભાઈ મેરાઈ, પ્રજ્ઞેશભાઈ વસાણી, ઉદયભાઈ પટેલ, પ્રતીક કોટક,હિરેનભાઈ પટેલ, પ્રકાશભાઈ મેરાઈ, પૂર્વીબેન સોનાજી સહિત મોટી સંખ્યામાં ઠાકુરભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

નવસારી જિલ્લામાં ૧૭મી નવેમ્બરે દેશી ગ્રામીણ રમતોત્સવ યોજાશે

નવસારી, તા.૧૩ : ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ નવસારી જિલ્લાના જલાલપોર, નવસારી, ગણદેવી અને વાંસદા વિધાનસભા વિસ્તારોમાં સવારે ૮:૦૦ કલાકથી દેશી ગ્રામીણ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત જલાલપોરમાં સરદાર પટેલ વિદ્યાલય, લીમડાચોક, નવસારીમાં કે.વી.એસ. હાઈસ્કૂલ, ખારેલ ગણદેવીમાં નાંદરખા ક્રિકેટ ગ્રાઉન્ડ અને વાંસદામાં એલ.આર. કો-એજ્યુકેશન મંદિર, પીપલખેડ ખાતે રમતોત્સવ યોજાશે.

આ રમતોત્સવમાં ગિલ્લી-દંડા, કોથળાદોડ, લખોટી, સાટોડિયું, ગેડી-દડો, લાંઘડી સહિતની પરંપરાગત દેશી રમતો રમાડવામાં આવશે. જેમાં સ્થાનિક યુવાનો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉત્સાહભેર ભાગ લેશે.

આ આયોજનનો મુખ્ય હેતુ પરંપરાગત દેશી રમતોના વારસાનું જતન કરવા સાથે યુવાનોમાં શારીરિક તંદુરસ્તી, ટીમ ભાવના અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપવાનો છે.

રાબડા ગામે માં વિશ્વંભરી મંદિરે દર્શનાર્થી ઊમટી પડ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૩ : વલસાડ નજીક રાબડા ગામે આવેલા માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ દિવાળી તથા નૂતન વર્ષના મંગલમય અવસરે ભક્તિ અને આસ્થાના કેન્દ્ર તરીકે ઝળહળી ઉઠ્યું હતું. પંચકર્મી દિવ્ય રથમાં બિરાજમાન ભાગ્યવિધાતા-માં વિશ્વંભરીના ચૈતન્ય સ્વરૂપનાં દર્શનાર્થે દૂરદૂરથી ભક્તોનો અવિરત પ્રવાહ ઉમટી પડ્યો હતો. આ ધામમાં અસંખ્ય ભક્તોએ માં વિશ્વંભરીનાં દર્શન કરી ધન્યતા અને આત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

આ તીર્થધામની એક વિશિષ્ટ ઓળખ તેની શિસ્તબદ્ધ દર્શન વ્યવસ્થા અને પાઠશાળા (મંદિર)માં દરેક દર્શનાર્થી શાંતિપૂર્વક બેસીને દર્શન કરી શકે તેવી અદભુત વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ૪૫ એકરમાં વિસ્તરેલા વિશાળ પરિસર માં ગંદકી કે કચરાનું નામો-નિશાન જોવા મળતું નથી. આટલી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓની અવરજવર હોવા છતાં સમગ્ર પરિસરમાં જળવાતી અણીશુદ્ધ સ્વચ્છતા અને અદભુત શિસ્ત સૌના માટે પ્રેરણારૂપ છે. આ પવિત્ર વાતાવરણથી પ્રેરણા લઈને ભક્તો પણ પોતાના રોજિંદા જીવનમાં સ્વચ્છતા અને શિસ્તનું પાલન કરતાં થયાં છે. વિશ્વ કલ્યાણ અને માનવ કલ્યાણના શુભાશય સાથે ધામના સ્થાપક શ્રી મહાપાત્ર દ્વારા આ અલૌકિક તીર્થધામનું નિર્માણ કરવામાં આવ્યું છે.

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો દર્શાવેલ સમય દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
મંગળવાર ૧૭/૧૧/૨૦૨૬ ૦૯:૩૦ થી ૦૧:૩૦	ખાનવેલ	(૬૬/૧૧ કે.વી. ખાનવેલ એસ.એસ. સાથે જોડાયેલા તમામ ગ્રાહકો)	૬૬/૧૧ કે.વી. ખાનવેલ સબસ્ટેશનના તમામ ગામો/વિસ્તારોઃ ખાનવેલ, બિન્દ્રાબિન, ચૌડા, ખુટલી, રૂડાના, તલાવલી, ચીસડા, મંડોની, સિન્દોની, ખેડપા, બેડપા, ઉમરવાણી, શેલ્ટી, ખેરારબારી, ઉપલામેઢા, નિચલા મેઢા, વાઘચૌડા, આંબાબારી, કરચૌડ, વાસદા, બેસદા, દૂધની, ગુનસા, બિલધારી, ઘોડબારી, કૌચા, જમાલપાડા. એક્સપ્રેસ ફીડરોઃ ૬૬/૧૧ કે.વી. ખાનવેલ સબસ્ટેશનના તમામ એક્સપ્રેસ ફીડરો. ૬૬ કે.વી. ગ્રાહકઃ એમ/એસ હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિ., ખુટલી
૧૮/૧૧/૨૦૨૬ બુધવાર ૦૯:૩૦ થી ૦૫:૦૦	વેલુગામ	(૬૬/૧૧ કે.વી. વેલુગામ એસ.એસ. સાથે જોડાયેલા તમામ ગ્રાહકો)	૬૬/૧૧ કે.વી. વેલુગામ એસ.એસ. વિસ્તારના તમામ ગામો/વિસ્તારોઃ વેલુગામ પટેલપાડા, વેલુગામ દાવરપાડા, વેલુગામ બરફપાડા, આર્ટી, કિરણ સ્પિનિંગ એચ.ટી., ગોયલ પાવર એચ.ટી., શ્રીજી ઈન્ડસ્ટ્રી એચ.ટી., ટાઈમ ટેકનો, વેલુગામ મોરપાડા, વેલુગામ કડુપાડા, વેલુગામ ધોબરપાડા, વેલુગામ થોરાટપાડા, સુરંગી પારસીપાડા, સુરંગી વાઘિયાપાડા, સુરંગી દાદરીપાડા, સુરંગી પટેલપાડા, સુરંગી કડુપાડા, સુરંગી સાવરપાડા, સુરંગી રાઈપાડા, સુરંગી દસ્તૂરીપાડા, સુરંગી વિસ્તારની ઉદ્યોગ એકમો વાધિયાપાડા સુધી. એક્સપ્રેસ ફીડરો ૬૬/૧૧ કે.વી. વેલુગામ એસ.એસ.ના તમામ એક્સપ્રેસ ફીડરો. ૬૬ કે.વી. ગ્રાહકોઃ બીકેલોન વેલુગામ, સનાથન વેલુગામ, ડી.ડી.ઈ.વી. પ્લાસ્ટિક્સ (કલ્પના)
૧૮/૧૧/૨૦૨૬ બુધવાર ૦૮:૦૦ થી ૦૬:૦૦	મસાટ	(૬૬ કે.વી. મસાટ એસ. એસ. ૧૫ એમ. વી. એ. ટીઆર-૧)	ખાટુશ્યામ ઈન્ડસ્ટ્રીઝ, ગણપતિ ઈન્ડ, મહેરાટેક્સ ઈન્ડ, ટ્યુફરોપ્સ ઈન્ડ, મસાટ ઈન્ડ એસ્ટેટ, વનમાલી પાર્ક, સામરવર્ણી વાડ ફળિયા, સામરવર્ણી પંચાયત વિસ્તાર, સામરવર્ણી આંબાપાડા, કૃષ્ણા ઈન્ડ રોડ, સામરવર્ણી પટેલપાડા, સામરવર્ણી બોમ્બાપાડા, સામરવર્ણી રઘુ ફળિયા, સામરવર્ણી ટેમ્પો સ્ટેન્ડ. ૧૧ કે.વી. એક્સપ્રેસ ફીડરોઃ ખાટુ શ્યામ, ગણપતિ એલોયઝ, મેહરા ટેક્સ, ટ્યુફરોપ્સ/કોર્ટલેન્ડ ઈન્ટરનેશનલ, વીનર એમ્પાયર, એડોર વેલ્ડિંગ, ટી.સી.પી.એલ.-૨
૧૮/૧૧/૨૦૨૬ બુધવાર ૦૮:૦૦ થી ૦૬:૦૦	અથાલ	(૬૬ કે.વી. અથાલ એસ.એસ. ૨૦ એમ. વી.એ. ટીઆર-૩)	પ્રમુખ પેપર, એક્સેલ પેકેજિંગ, રિલાયન્સ વેરહાઉસ, બાલાજી એન્ટરપ્રાઈઝ, અક્ષય પાત્ર, જલારામ ઈન્ડસ્ટ્રિયલ ગલી, બજરંગ કૃપા, વેલપેટ, આઈ.પી.સી.એ. ગલી, આશ્રમ પ્લાસ્ટ, ઓરેન્જ ઈન્ડસ્ટ્રીઝ, અથાલ પ્લોટ ફળિયા, યુનિકોર્ન ફિબ્રો, સુધીર ગલી, બારીપાડા, જેલી ફાર્મા, નિપ્રા, ડુંગરી ફળિયા ૧૧ કે.વી. એક્સપ્રેસ ફીડરોઃ યુનોવેલ, જે.પી. મોડાટેક્સ, સુપ્રીમ, પ્રિન્સ પાઈપ, ટી.એન.બી. પોલિમર્સ, પ્રેસિડેન્ટ ફ્લોરા
૧૯/૧૧/૨૦૨૬ ગુરૂવાર ૦૮:૦૦ થી ૦૬:૦૦	મસાટ એસ.એસ.	(૬૬ કે.વી. મસાટ એસ.એસ. ૧૫ એમ. વી.એ. ટીઆર-૨ અને ૬૬ કે.વી. મસાત એસ.એસ. ૨૦ એમ. વી.એ. ટીઆર-૪)	મસાટ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, સામરવર્ણી સ્કૂલ ફળિયા, સામરવર્ણી કૃષ્ણા રોડ, સામરવર્ણી રઘુ ફળિયા, મસાટ પોલીસ સ્ટેશન, મસાટ પાદરીપાડા, ગેલેક્સી હાઈટ, રિલાયન્સ પેટ્રોલ પંપ, આકાશ એપાર્ટમેન્ટ, ઈમામી ઈન્ડ વિસ્તાર, મસાટ હાઈસ્કૂલ, મસાટ પી.એચ.સી., મસાટ ખાડીયાપાડા, મસાટ કાઠ્યાપાડા, રામમંદિર, ટ્યુફરોપ્સ ઈન્ડસ્ટ્રિયલ વિસ્તાર, વાસુપુજ્ય ઈન્ડસ્ટ્રિયલ વિસ્તાર, ટિપકો ઈન્ડ વિસ્તાર, મસાટ સ્મશાન વિસ્તાર, કૃષ્ણા ઈન્ડ અને મોલ, હનુમાન ટ્યૂબ ઈન્ડ, સાયલી પ્લોટપાડા ૧-૨-૩, સાયલી ભોયાપાડા ૧-૨-૩, સાયલી ચોકીપાડા ૧-૨-૩, આલોક સિટી, આલોક સ્કૂલ, જગન્નાથ મંદિર, સાયલી વેજલપાડા, સાયલી પટેલપાડા, સાયલી પારસીપાડા, આલોક ૨૨૦ કે.વી. સબસ્ટેશન, નવનીત ઈન્ડ, સાયલી કોકનપાડા, સાયલી ઝરીપાડા, પી.ટી.એસ. ક્વાર્ટર, પી.ટી.એસ. એચ.ટી., નમો મેડિકલ કોલેજ, કેમકો કેનાલ, સાંઈ મંદિર, મંગલ કેનાલ, વર્ધમાન ઈન્ડ, કિંગ રિસોર્ટ ૧૧ કે.વી. એક્સપ્રેસ ફીડરોઃ બેઈકો ઈન્ડ., રીકાફટ ઈન્ડ., હનુમાન ટ્યુબ્સ
૨૦/૧૧/૨૦૨૬ શુકવાર ૦૮:૦૦ થી ૦૬:૦૦	મસાટ	(૬૬ કે.વી. મસાટ એસ.એસ. ૧૫ એમ. વી.એ. ટીઆર-૩ અને ૫)	અથ કન્ટેનર ઈન્ડ, મસાટ ઈન્ડ વિસ્તાર, સાંઈનગર ગવર્નમેન્ટ કોલોની, મેઘવાદ રોડ, મસાટ સ્કૂલ ફળિયા, મસાટ મહાવંશી ફળિયા, ટેક્સ ફ્રી ઈન્ડ એસ્ટેટ, રેના કુટ્ઝ ઈન્ડ વિસ્તાર, નીર સ્ટીલ કેબ, કુડાચા કોસ રોડ, કુડાચા આયતુલ ફળિયા, કુડાચા સ્કૂલ ફળિયા, કુડાચા બ્રાહ્મણ ફળિયા, વન્ડરલેન્ડ રિસોર્ટ, કુડાચા ખાડીપાડા, કુડાચા ઓમ મંદિર. ૧૧ કે.વી. એક્સપ્રેસ ફીડરોઃ બાલાજી, ટી.સી.પી.એલ. ઈન્ડ, શેખાવતી/લ્યુબ્રિકોટે ઈન્ડ, સિદ્ધિ પ્લાસ્ટ ઓલ યુનિટ્સ, રંગટા ઈન્ડ, બ્લુ ચિપ ઈન્ડ, ઈન્ટરલ્રેપ ઈન્ડ, વાસુપુજ્ય ફિલામેન્ટ ઈન્ડ, હોરાઈઝન ઈન્ડ. ૬૬ કે.વી. ગ્રાહકોઃ બીકેલોન મસાટ

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ
તમારા પરિવારની સુરક્ષાની ખાતરી
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો
એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશ હાજર
Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

રાજેશકુમાર બી. પટેલ
પ્રમુખ
ઉમેશભાઈ બી. પટેલ
ઉપપ્રમુખ
મહેશકુમાર એ. પટેલ
માનદ મંત્રી
અને
બોર્ડ ઓફ ડાયરેક્ટર

VJFS
Amidhara
Flavour of Farm
દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા

Valsad Navsari Jilla Fal Ane Shakbhaji Sahakari Sangh Ltd.
Post Box No.: 30, At & Po.-Ta.: Gandevi, Dist.: Navsari, Gujarat, INDIA. Pin Code: 396 360
Mobile: 9825417374 | Website: www.amidhara.in | Email: vjfs4u@hotmail.com

Mango Pulp • Pickles • Ready To Eat • Fruit Drinks
Jam • Tomato Ketchup • Puree • Paste • Chutney

SHREE AMBIKA GRAM KELAVANI MANDAL
THE AMBIKA HIGH SCHOOL-GADAT
ESTD. 1945

દીપાવલી તથા નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક :
શ્રી અંબિકા ગ્રામ કેળવણી મંડળ, ગડત
સંચાલિત
ધી અંબિકા હાઈસ્કૂલ, ગડત

સંદીપભાઈ બી. નાયક – ટ્રસ્ટ બોર્ડ પ્રમુખ
મુકેશભાઈ બી. નાયક – ટ્રસ્ટ બોર્ડ ઉપપ્રમુખ
પરિમલભાઈ ઈશ્વરભાઈ નાયક – ટ્રસ્ટ બોર્ડ મંત્રી
દેવાંગભાઈ પરેશભાઈ દેસાઈ – ટ્રસ્ટ બોર્ડ મંત્રી
નરેન્દ્રભાઈ નાથુભાઈ નાયક – ટ્રસ્ટ બોર્ડ ખજાનચી
તથા સર્વે ટ્રસ્ટીશ્રીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ.

જિજ્ઞેશભાઈ ટી. ટેલર
ઇન્ચાર્જ આચાર્યશ્રી
ધી અંબિકા હાઈસ્કૂલ, ગડત
તથા સમગ્ર શાળા પરિવાર.

AMRUTLAL G. KAPADIA
SUPER SPECIALITY HOSPITAL
MULTI SPECIALITY HOSPITAL
DAMANIA
SARVAJANIK HOSPITAL
MANAGED BY : N. J. DAMANIA SARVAJANIK CLINIC
Khatriwad, Gandevi, Dist. Navsari

HAPPY Diwali
દીવાળી તથા નૂતનવર્ષની હાર્દિક શુભકામના

: From :
Trustees, Doctor, and Hospital Staff
N.J. Damania Sarvjanik Hospital, Gandevi

ગણદેવી તાલુકા ખેડુત સહકારી સંઘ લિ.,
ગણદેવી
સ્થાપના : ૨૦-૧૦-૧૯૬૮


તાલુકાના ખેડુતોના સહકાર થકી સંઘ દ્વારા
જય કિસાન હોસ્પીટલ, જય કિસાન મેડિકલ સ્ટોર્સ, જય કિસાન સુપર માર્કેટનું સફળ સંચાલન
જય કિસાન સેંદ્રિય ખાતર એન. પી. કે. ૨૦.૧૦.૧૦નું વેચાણ પાવર ટીલર અને ટ્રેક્ટર તથા
તેના સ્પેર પાર્ટસનું વેચાણ અંબુજા સિમેન્ટ, એવરેસ્ટ સિમેન્ટના પતરા, ગેલેન્ટ સ્ટીલ,
ટાટા ગેલ્વે. પતરા, પી.વી.સી. પાઇપ અને સ્ટાર્ટર સ્પીયનું વેચાણ

પ્રમુખશ્રી ગોવિંદભાઈ પટેલ | ઉપપ્રમુખશ્રી રઘુભાઈ પટેલ | મંત્રીશ્રી વિક્રમભાઈ બી. દેસાઈ | મેનેજરશ્રી પરિમલભાઈ રાવલ
તથા કમીટી સભ્યો

VST TILLERS TRACTORS LTD.
Post Box No. 4801, Whitefield Road, Bangalore - 560 048.
The Powerful VST SHAKTI 130 DI
MT 180 D Four Wheel Drive Tractor
VT 224-ID 22HP Four Wheel Drive Tractor
130 DI Power Tiller
130DI POWER TILLER
MITSUBISHI SHAKTI MT 180D
વિશિષ્ટતા:
(૧) નવુ પાવરફુલ અને ડીઝલની બચત કરનારું ડાયરેક્ટ ઈન્જેક્શન (D.I.) એન્જિન
(૨) માઈલ્ડ આઈલ ક્લીટર લાંબી કાર્યક્ષમતા માટે.
(૩) રોટરી બ્લેલવાનું સરળ અને સલામત, સારી ખેડ માટે અનુકુળતા મુજબ બ્લેલી શકાતા ટાઈન્સ
(૪) નવી ડીઝાઈન અને મશીનરી ભરોસામંદ કામગીરી માટે.
મુ.પો. ગણદેવી, તા. ગણદેવી, જિ. નવસારી (ગુજરાત) પીન કોડ : ૩૯૬ ૩૬૦,
ફોન : (૦૨૬૩૪) ૨૬૨૩૨૨, ૨૬૨૫૨૨, ફેક્સ : ૨૬૨૫૯૧
E-mail : gandevi_sangh@yahoo.co.in

દમણગંગા ટાઇમ્સ

ગણદેવી, બીલીમોરા, જલાલપુર, વિજલપોર
અને નવસારી તાલુકાના સમાચારો માટે
જાહેર ખબરો માટે સંપર્ક કરો
અશોક કુમાર જોષી (EX ARMY)
૬૪, બી વિઠ્ઠલનગર સોસાયટી, એસ.વી. પટેલ
રોડ, ચિમોડીયા નાકા, બીલીમોરા, તા.ગણદેવી,
જી. નવસારી, મો. 9429105916

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના
ડો. ઉર્વેશ એમ. પટેલ
(B.D.S)
એકદંત
દાંતનું દવાખાનું
ઉપલબ્ધ સુવિધાઓ
★ પીડા રહિત દાંત કાઢવા.
★ દાંતની સફાઈ અને પોલીસીંગ (Scaling & Polishing)
★ દાંત સફેદ કરવા.(Bleaching)
★ દાંત પર (Diamond) લગાવવું.
★ ચોકઠાં બનાવવા.
★ નસની સારવાર (Root Canal Treatment)
★ પાયોરીયાની સારવાર.
★ ફિક્સ દાંત નાખવા (Metal, Ceramic, Zirconia)
★ દાંતમાં ચાંદી, સિમેન્ટ, કમ્પોઝીટ વગેરે પુરવું.
★ વાંકાચુકા દાંતની સારવાર
★ ડાહપણની દાંતની સર્જરી
★ ઈમ્પ્લાન્ટ
★ અપુરતા ખુલતા મ્હોં ની સારવાર.
તેમજ અન્ય દાંત અને પેઢાંના તમામ રોગની સારવાર ઉપલબ્ધ છે.
સરનામું : ૧૦૩, ૧૦૪, ટર્નિંગ પોઈન્ટ એપાર્ટમેન્ટ, અંધેશ્વર રોડ, અમલસાડ, મો. ૯૭૨૪૯ ૦૭૨૮૨ ફોન (ક્લીનિક) : ૦૨૬૩૪- ૨૭૦૨૦૮

॥ રામ ॥

॥ જલા ॥
જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ,
બીલીમોરા

॥ રામ ॥
જાહેર આમંત્રણ
"શ્રી જલારામ જયંતિ"
દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ!
સવિનય વિજ્ઞાપ્તિ સહ જણાવવાનું કે, પ્રાતઃ સ્મરણીય ભક્ત શ્રી જલારામ બાપાની ૨૨૭ મી જન્મ જયંતિ સંવત ૨૦૮૩ ના કારતક સુદ ૭ ને સોમવાર તા. ૧૬-૧૧-૨૦૨૬ ના શુભ દિને ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવનાર છે.
આ શુભ પ્રસંગે યજ્ઞ નારાયણનાં દર્શન એવમ્ પૂ. જલારામ બાપાના અન્નકૂટ પ્રસાદ ના દર્શન કરવા અને મહાપ્રસાદ લેવા આપ સૌને પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.
યજ્ઞ પ્રારંભ : સવારે ૭.૦૦ કલાકે
પૂર્ણાહુતિ : બપોરે ૧૨.૧૫ કલાકે
મહાપ્રસાદ : સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક સુધી.
-: શુભ સ્થળ :-
શ્રી જલારામ મંદિર, જલારામ સંકુલ, સોમનાથ રોડ, બીલીમોરા, જી. નવસારી. પીન કોડ : ૩૯૬૩૨૧.
-: લિ. :-
પ્રમુખશ્રી અને ટ્રસ્ટીશ્રીઓ જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ, બીલીમોરા, જી. નવસારી. ફોન : (૦૨૬૩૪) ૨૮૩૮૮૦ મો.: ૯૮૨૫૯૪૮૨૮૨

ફેન્ડ્રસ ન્યુ ઈંગ્લિશ સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત
બ્રાઈટ સ્ટાર ઈન્ટરનેશનલ સ્કૂલ
જવેર જીવણ મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ, બીલીમોરા
સહજાનંદ નર્સિંગ કોલેજ (ANM/GNM)

પ્રકાશ પર્વ
શુભ દીપાવલી
ની હાર્દિક શુભકામનાઓ
દીપાવલીના પાવન પર્વે આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સફળતાનો અખુટ પ્રકાશ પથરાય. માતા લક્ષ્મીજીની અસીમ કૃપા આપના પરિવાર પર સદાય વરસતી રહે અને આપના જીવનમાં આનંદ તથા ઉન્નતિનાં નવા દ્વાર ખૂલે તેવી હાર્દિક પ્રાર્થના.
શુભેચ્છક
પ્રમુખશ્રી
ડૉ. સૂર્યકાન્ત પટેલ
મંત્રીશ્રી
શ્રીમતી નીનાબેન એચ. મેહેતા
ખજાનચી
શ્રી મનીષભાઈ દેસાઈ
ટ્રસ્ટીશ્રીઓ
શ્રી પ્રચમેશભાઈ વશી | શ્રીમતી જયશ્રીબેન દેસાઈ | શ્રી અશોકભાઈ ભટ્ટ
આચાર્યશ્રીઓ
પંકજભાઈ જી. પટેલ | મયુરીબેન આર. રાઠોડ | રૂપાલીબેન દેસાઈ
આપ સૌને દિવાળીની હાર્દિક શુભકામનાઓ!



પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીગણ
શ્રી સૌમનાથ મહાદેવ મંદિર
અને તે અંગેની મિલ્કત ટ્રસ્ટ
દેસરા, બિલીમોરા – ૩૯૬ ૩૨૧ જિ. નવસારી, ગુજરાત

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Saturday 14, November 2026

વિદેશમાં ભારતીયોની સલામતી માટે સરકાર વધુ સક્રિય બને

આધુનિક વિશ્વમાં જીવનની નવી તકો માટે વિદેશમાં વસવાટનું ચલણ સતત વધી રહ્યુંક્ક છે. ભારે બૌદ્ધિક અને વેપારી કુશળતા ધરાવતા ભારતીયો આજે દુનિયાના તમામ દેશોને કર્મભૂમિ બનાવતા થયા છે. આને લીધે આજે વિદેશમાં વસતા ભારતીયોની સંખ્યા દિવસો દિવસ વધી રહી છે. એક તરફ આપણે દુનિયાના લગભગ દરેક ખૂણે ભારતીયો વસતા હોવાનું ગૌરવ લેતા થયા છીએ, પણ આ આપણા દેશવાસીઓની વિદેશની ધરતી પરની સલામતીના મુદ્દા પર કેન્દ્ર સરકારે હવે કોઈ નક્કર કાર્યયોજના અમલી બનાવવા પર ધ્યાન આપવાનો સમય પાકી ગયો છે. તાજેતરના સમયમાં વિશ્વના અલગ-અલગ ભાગોમાં વિવિધ દેશો અને જૂથો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યા છે, તેનાથી ભારતીયોની સલામતી સામે સ્વાભાવિક રીતે ચિંતા ઊભી થઈ છે. હાલે પશ્ચિમ એશિયાનાં યુદ્ધમાં સંખ્યાબંધ ભારતીયોને અસર પડી છે. જહાજી સેવાઓ પર હુમલામાં ભારતીય ખલાસીઓનાં મોત થતા હોવાના અહેવાલ સતત સામે આવતા રહે છે. તેની સાથોસાથ આરબ દેશોમાં રોજીરોટી માટે કામ કરતા ભારતીયોનો હવાઈ હુમલામાં ભોગ લેવાતો રહે છે. આ સંદર્ભમાં વારંવાર ભારત સરકારની જવાબદારી અંગે ચર્ચા છેડાતી રહે છે. દરિયાઈ પરિવહનમાં ભારતીય ખલાસીઓની સંખ્યા સતત વધી રહી છે અને મધ્ય-પૂર્વમાં જહાજો પર હુમલામાં આ ખલાસીઓનો ભોગ લેવાતો રહે છે. ભારત સરકારે સંબંધિત દેશો પાસે વાંધો નોંધાવવો-તેની ટીકા કરવાથી વિશેષ કોઈ જવાબદારી નિભાવવી જોઈએ કે નહીં એ એક મોટો સવાલ છે. પશ્ચિમ એશિયાના દેશોમાં ભારતીયો લાખોની સંખ્યામાં ધંધા- રોજગાર માટે વસી રહ્યા છે. આ લોકો સ્વદેશમાં તેમની કમાણીનો મોટો હિસ્સો મોકલીને અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપતા હોય છે. આવામાં ભારત સરકારની જવાબદારી બને છે કે, તેમની વિદેશની ધરતી પર સલામતી માટે કોઈ નક્કર વ્યવસ્થા ગોઠવવામાં આવે. પશ્ચિમ એશિયામાં અત્યાર સુધી કુલ ૨૩ ભારતીયનાં મોત થયાં છે, જેમાં ૧૫ ખલાસી હતાં. આ વિસ્તાર જેવી જ હાલત યુક્રેન અને રશિયા વચ્ચેના મોરચે પણ છે. આ જંગનો વ્યાપ પણ હવે દરિયાઈ માર્ગો સુધી પહોંચી ચૂક્યો છે. સત્તાવાર માહિતી મુજબ કાળા સમુદ્રમાં થયેલા હુમલામાં અત્યાર સુધી પાંચ ભારતીયનાં મોત થયાં છે. આમ તો આંતરરાષ્ટ્રીય કાયદો એવો છે કે, આવાં યુદ્ધના સમયે કોઈ અન્ય દેશના સમાન્ય નાગરિકને જાણી જોઈને નિશાન બનાવવા જોઈએ નહીં, પણ કમનસીબે હાલત એવી છે કે, આજના સમયમાં દેશો આવા કાયદાને ઘોળીને પી જાય છે. ભારતની વિદેશનીતિ પરંપરાગત રીતે શાંતિ, સંવાદ અને રાજદ્વારી પ્રયાસોને અગ્રતા આપવાની રહી છે. આ નીતિને અનુસરીને આપણે વિદેશી ધરતી પર નાગરિકોની સલામતીના મામલે ટીકા કે વાંધાથી આગળ કોઈ પગલાં લેતાં નથી. હવે સમય આવી ગયો છે કે, ભારતે વૈશ્વિક મંચો પર આંતરરાષ્ટ્રીય કાયદાના અમલ માટે ભારપૂર્વક રજૂઆત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

વ્હાઈટ હાઉસ નજીક ફાયરિંગથી અમેરિકામાં ખળભળાટ

વોશિંગ્ટન DCમાં અંધાધૂંધ ગોળીબાર, પાંચને ગોળી વાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન ડીસી, તા.૧૩ ઃ અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં ગુરુવારે સવારે અચાનક થયેલા ગોળીબારથી સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. રાષ્ટ્રપતિ ભવન એટલે કે વ્હાઈટ હાઉસથી માત્ર એક માઈલના અંતરે આવેલા 'લોગન સર્કલ' વિસ્તારમાં થયેલા આ ફાયરિંગમાં પાંચ લોકોને ગોળી વાગી છે, જેમાંથી એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. ઘટના બાદ સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો છે.આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સી રોયટર્સના અહેવાલ મુજબ, ગુરુવારે સવારે લોગન સર્કલ પાસે ગોળીબાર થયો હોવાના સમાચાર મળતા જ વોશિંગ્ટન ડીસીનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મેટ્રોપોલિટન પોલીસ ડિપાર્ટમેન્ટ ના જણાવ્યા અનુસાર, ફાયરિંગ કરનાર હુમલાખોર નજીકની જ કોઈ ઈમારતમાં છુપાયો હોવાની પ્રબળ આશંકા છે. પોલીસ પ્રવક્તા નિકોલ ડીનરે જણાવ્યું હતું કે હુમલાખોર હજુ સુધી પોલીસની પકડથી દૂર છે અને ગોળીબારનું ચોક્કસ કારણ કે ચોક્કસ સ્થળ અંગે તપાસ ચાલી રહી છે.પોલીસ દ્વારા ૧૫મી સ્ટ્રીટ નોર્થ-વેસ્ટ ના ૧૫૦૦ બ્લોક સહિત આસપાસના વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સુરક્ષાના ભાગરૂપે પોલીસે આ વિસ્તારની દુકાનો, એક ચર્ચ અને રહેણાંક ઈમારતોની ચારેબાજુથી ઘેરાબંધી કરી દીધી છે. પોલીસ વિભાગે સ્થાનિક નાગરિકોને હાલ પૂરતા આ વિસ્તારથી દૂર રહેવા અને ઘરની અંદર જ સુરક્ષિત રહેવા ખાસ અપીલ કરી છે.સમાચાર એજન્સીના રિપોર્ટ મુજબ, ગોળી વાગવાથી ઘાયલ થયેલા અન્ય ચાર લોકોની ઓળખ કે તેમની હાલની તબિયત અંગે પોલીસે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરી નથી.ઘટના સમયે નજીકના એપાર્ટમેન્ટમાં હાજર રહેલા રાયન ડુબિકી નામના એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે- સવારે લગભગ ૮ વાગ્યાની આસપાસ મને સતત પાંચેક વખત જોરદાર ધડાકા જેવો અવાજ સંભળાયો હતો. અવાજ અટકી-અટકીને આવતો હોવાથી શરૂઆતમાં તો મને લાગ્યું કે કદાચ નજીકમાં કોઈ બાંધકામ (કન્સ્ટ્રક્શન) ચાલી રહ્યું હશે. પરંતુ જયારે મેં બારીમાંથી બહાર જોયું તો આખો રસ્તો પોલીસની ગાડીઓ અને જવાનોથી ભરાઈ ગયો હતો. ડુબિકીએ વધુમાં ઉમેર્યું કે ત્યારબાદ તરત જ તેમના બિલ્ડિંગ મેનેજમેન્ટ તરફથી તમામ રહેવાસીઓને ચેતવણી આપતો મેસેજ મળ્યો હતો કે વિસ્તારમાં કોઈ હથિયારધારી હુમલાખોર છુપાયેલો હોઈ શકે છે.'ધ વોશિંગ્ટન પોસ્ટ'ના અહેવાલ મુજબ, આ ફાયરિંગ ૧૫મી અને પી સ્ટ્રીટ નોર્થ-વેસ્ટ ના ચાર રસ્તા નજીક થયું હતું. મેટ્રોપોલિટન પોલીસ પ્રવક્તા ઓફિસર લી લેપેએ આ ઘટનાને 'એક્ટિવ શૂટર'ની ગંભીર સ્થિતિ ગણાવી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે પોલીસ અત્યારે શંકાસ્પદ હુમલાખોરને શોધી રહી છે, પરંતુ હજુ સુધી તેનો કોઈ ચોક્કસ હુલિયો કે ઓળખ સામે આવી નથી. વ્હાઈટ હાઉસની આટલી નજીક બનેલી આ ઘટનાને પગલે અમેરિકી સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ મોડ પર આવી ગઈ છે.

ફુજૈરાહમાં બેકાબૂ ટ્રક અનેક કાર સાથે અથડાયો, ૧૪નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩ : સંયુક્ત આરબ અમીરાત (છઈ)માંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ફુજૈરાહ અમીરાતના એન્ટ્રી ગેટ નજીક સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૪ લોકોનાં મોત થયાં છે, જ્યારે આશરે ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. એક બેકાબૂ ટ્રક રસ્તા પર અનેક કાર સાથે અથડાતાં આ ગમખ્વાર દુર્ઘટના સર્જી હતી.સંયુક્ત આરબ અમીરાત (છઈ)માંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ફુજૈરાહ અમીરાતના એન્ટ્રી ગેટ નજીક સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૪ લોકોનાં મોત થયાં છે, જ્યારે આશરે ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. એક બેકાબૂ ટ્રક રસ્તા પર અનેક કાર સાથે અથડાતાં આ ગમખ્વાર દુર્ઘટના સર્જી હતી. સૌથી ચિંતાજનક બાબત એ છે કે મૃતકોમાં ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ, મેડિકલ અને સિવિલ ડિફેન્સની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.મળતી માહિતી અનુસાર, છઈના ફુજૈરાહ અમીરાતના એન્ટ્રી ગેટ નજીક મોડી રાત્રે આ અકસ્માત સર્જાયો હતો. રસ્તા પર જઈ રહેલા એક ટ્રકના ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ત્યારબાદ ટ્રક બેકાબૂ બનીને રસ્તા પર દોડી રહ્યો હતો અને એક પછી એક અનેક કાર સાથે અથડાયો હતો.ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે અનેક વાહનોને ભારે નુકસાન થયું હતું. અકસ્માત બાદ ટ્રક રસ્તા પર પલટી ગયો હતો, જેના કારણે વિસ્તારમાં વાહનવ્યવહાર પણ ખોરવાયો હતો.અકસ્મત દરમિયાન ટ્રકમાં આગ લાગી જતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૪ લોકોનાં મોત થયાં હોવાની માહિતી સામે આવી છે, જયારે આશરે ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ, તબીબી ટીમો અને સિવિલ ડિફેન્સના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.આ અકસ્માતમાં ભારતીય નાગરિકોનાં મોત થયાં હોવાની માહિતી સામે આવતાં ભારતીય સમુદાયમાં શોકની લાગણી ફેલાઈ છે. દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા પણ આ દુર્ઘટના અંગે માહિતી આપવામાં આવી હોવાનું જણાવાયું છે.અકસ્મતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોમાં ઓમાન, છઈ, બ્રાઝિલ, પાકિસ્તાન અને જોર્ડન સહિત વિવિધ દેશોના નાગરિકોનો સમાવેશ થાય છે.અકસ્મતમાં જાનહાનિનું પ્રમાણ વધુ હોવાથી મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મૃતદેહોની ચોક્કસ ઓળખ માટે ઢ્ઢછ ટેસ્ટ કરવામાં આવશે. ઓળખ અને જરૂરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવશે.અકસ્મત બાદ સ્થાનિક તંત્ર દ્વારા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે. ટ્રકચાલકે કયા કારણોસર વાહન પરથી કાબૂ ગુમાવ્યો અને અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. છઈમાં સર્જાયેલી આ દુર્ઘટનાએ અનેક પરિવારોને શોકમાં ગરકાવ કરી દીધા છે. ખાસ કરીને મૃતકોમાં ભારતીય નાગરિકો હોવાની વિગતોને પગલે તેમના પરિવારજનો સુધી માહિતી પહોંચાડવાની અને ઓળખની પ્રક્રિયા પૂર્ણ કરવાની કામગીરી મહત્ત્વપૂર્ણ બની છે.

ટ્રમ્પે વેન્સને સોંપી નવી જવાબદારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૩ : અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીને ફટકો પડ્યા બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ડેમોક્રેટિક પાર્ટી સામે નવો મોરચો ખોલ્યો છે. ટ્રમ્પે ઉપપ્રમુખ જેડી વેન્સને ડેમોક્રેટ્સના શાસનવાળા રાજ્યો અને શહેરોમાં કથિત ભ્રષ્ટાચાર તથા ગુનાખોરી પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા અને કાર્યવાહી કરવા સૂચના આપી છે. આ સાથે ટ્રમ્પે ઈરાન સાથે કોઈ પણ પ્રકારનો કરાર કરવાની જરૂર ન હોવાનું પણ સ્પષ્ટ કર્યુ છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ કરીને વેન્સને આ જવાબદારી સોંપવાની જાણકારી આપી હતી. તેમણે મિનેસોટા, કેલિફોર્નિયા અને ઈલિનોઈસ સહિતનાં રાજ્યોના વહીવટ પર સવાલ ઉઠાવ્યા હતા. ટ્રમ્પે આ રાજ્યોને ખરાબ વહીવટવાળાં અને ભ્રષ્ટાચારથી બરબાદ થયેલાં ગણાવ્યાં હતાં.ટ્રમ્પે પોતાની પોસ્ટમાં દાવો કર્યો હતો કે ડેમોક્રેટ્સના શાસનવાળાં રાજ્યોમાં દર મહિને અબજો ડોલરની ચોરી થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે આ રાજ્યોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને ગુનાખોરી ચાલી રહી છે. આવી પ્રવૃત્તિઓ અટકાવવામાં આવે તો અમેરિકાનું બજેટ ખૂબ જ ઝડપથી સંતુલિત કરી શકાય છે. ટ્રમ્પે ડેમોક્રેટિક નેતૃત્વ પર સીધો પ્રહાર કરતાં કહ્યું હતું કે ભ્રષ્ટાચાર તેમના લોહીમાં જ છે. જોકે, તેમણે પોતાના આરોપોના સમર્થનમાં કોઈ ચોક્કસ કેસ, આંકડા કે તપાસની વિગતો રજૂ કરી નથી. જેડી વેન્સ આ તપાસ કેવી રીતે આગળ વધારશે તે અંગે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.ટ્રમ્પે પોતાની પોસ્ટમાં ઈરાનનો ઉલ્લેખ કરીને તેની સાથે કોઈ સમજૂતી કરવાની જરૂર ન હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઈરાન સાથે કરાર કરવાનો સમય હવે ઘણો પાછળ રહી ગયો છે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે અમેરિકા પાસે ઈરાનના અબજો ડોલર અને હોર્મુઝ સ્ટ્રેટ છે.તેમનું આ નિવેદન ઈરાન સાથેની વાટાઘાટો અને હોર્મુઝ સ્ટ્રેટને લઈને અમેરિકાના કડક વલણનો સંકેત આપે છે.મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીને નુકસાન થયું છે અને ડેમોક્રેટ્સે સંસદનાં બંને ગૃહોમાં બહુમતી મેળવી છે.

ઈઝરાયલમાં સત્તાસંઘર્ષ વચ્ચે ઈરાન મુદ્દે ચેતવણી

નવી સરકાર બને ત્યાં સુધી ઈરાન પર હુમલો નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૧૩ : ઈઝરાયલમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સત્તા સામે પડકાર ઊભો થયો છે. આ દરમિયાન વડાપ્રધાન પદના મજબૂત દાવેદાર અને ઈઝરાયલના પૂર્વ સેનાપ્રમુખ ગાદી આઈઝેનકોટે નેતન્યાહૂને પત્ર લખીને મોટી ચેતવણી આપી છે. તેમણે નવી સરકારની રચના અને શપથવિધિ થાય ત્યાં સુધી ઈરાન સામે કોઈ મોટો સૈન્ય નિર્ણય ન લેવાની અપીલ કરી છે. આઈઝેનકોટના મતે, રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા મહત્વના નિર્ણયો લેતા પહેલાં નવી સરકારની રચનાની રાહ જોવી જોઈએ. ઈઝરાયલમાં સત્તા પરિવર્તનની શક્યતાઓ વચ્ચે આ પત્રને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે પોતાની કાર્યકારી સરકારનો કાર્યકાળ લંબાવવા માટે નેતન્યાહૂ ઈરાન સામે હુમલો કરી શકે છે. આ ચર્ચાઓને ત્યારે વધુ વેગ મળ્યો હતો, જ્યારે ઈરાન મુદ્દે નેતન્યાહૂ અને ઈઝરાયલના સેનાપ્રમુખ લેફ્ટનન્ટ જનરલ એયાલ ઝમીર વચ્ચે મતભેદના અહેવાલો સામે આવ્યા હતા.'ધ જેરુસલેમ પોસ્ટ'ના અહેવાલ અનુસાર, ગાદી આઈઝેનકોટે નેતન્યાહૂને લખેલા પત્રમાં કોઈ પણ નિર્ણય ઉતાવળમાં ન લેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે નવી સરકારના શપથગ્રહણ સુધી રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને કામ કરવામાં આવે અને કોઈ પણ મોટા નિર્ણયનો અમલ કરતાં પહેલાં નવી સરકારની રચનાની રાહ જોવામાં આવે. આઈઝેનકોટે પત્રમાં જણાવ્યું હતું કે નવી સરકાર પાસે નેસેટમાં બહુમતી હશે. તેથી રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા નિર્ણયો લેવાનો અધિકાર નવી સરકારને મળવો જોઈએ.આઈઝેનકોટે આ મામલે એટર્ની જનરલ ગાલી બહરાવ-મિયારાને પણ હસ્તક્ષેપ કરવાની અપીલ કરી હતી. આ ઉપરાંત તેમણે વડાપ્રધાન કાર્યાલય પાસે દરરોજ ગુપ્તચર અને રાજદ્વારી બાબતો અંગે બ્રીફિંગ આપવાની માગ કરી હતી. ઈઝરાયલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગે તેમને સરકાર રચવા માટે બહુમતી સાબિત કરવાની તક આપી છે. આઈઝેનકોટ પાસે સરકાર રચવા માટે ૨૮ દિવસનો સમય છે. જરૂર પડ્યે તેમને વધુ ૧૪ દિવસ મળી શકે છે. આઈઝેનકોટની માગણી બાદ વડાપ્રધાન કાર્યાલયે તેમને બ્રીફિંગ આપવા સંમતિ આપી હતી.

ભારતની સહાય સામે શ્રીલંકામાં વિરોધ

બૌદ્ધ ભિક્ષુઓના આમરણાંત ઉપવાસથી શ્રીલંકામાં તણાવ

અનુરાધાપુરા વિકાસ પ્રોજેક્ટના વિરોધમાં બે જૂથો વચ્ચે ઘર્ષણ, ત્રણ ભિક્ષુઓ સહિત સાતની ધરપકડ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલંબો, તા.૧૩ : શ્રીલંકાના ઐતિહાસિક શહેર અનુરાધાપુરામાં ભારતીય સહાયથી થનારા વિકાસ પ્રોજેક્ટનો વિરોધ કરી રહેલા બૌદ્ધ ભિક્ષુઓની પોલીસે ધરપકડ કરી છે. બુધવારથી આમરણાંત ઉપવાસ પર બેઠેલા ભિક્ષુઓ અને અન્ય એક જૂથ વચ્ચે ઘર્ષણ થતા પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા આ કડક પગલું ભર્યું છે.નકશા જુઓપોલીસ પ્રવક્તા એફ.ટી. વૂટલરના જણાવ્યા અનુસાર, ઉપવાસ પર બેઠેલા બાલંગોડા કસ્સપ અને તેમના સમર્થકો તથા તાજેતરમાં ભિક્ષુ પદેથી હટાવાયેલા રાજંગનયે સદ્ધારથનના જૂથ વચ્ચે ઉગ્ર વિવાદ અને ઝપાઝપી થઈ હતી. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે સદ્ધારથન આંદોલનને ભડકાવવા અને તોડવા આવ્યા હતા, જયારે સદ્ધારથને કસ્સપના સમર્થકો પર હુમલાનો આક્ષેપ કરી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. આ ઘટના બાદ પોલીસે કસ્સપ અને સદ્ધારથન સહિત ૩ ભિક્ષુઓની ધરપકડ કરી છે, ઉપરાંત ૧ મહિલા સહિત ૪ નાગરિકોની અટકાયત કરવામાં આવી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એપ્રિલ ૨૦૨૫ની શ્રીલંકા મુલાકાત દરમિયાન ભારતે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ અનુરાધાપુરા પવિત્ર નગર પરિસરના વિકાસ માટે ગ્રાન્ટ સહાયની જાહેરાત કરી હતી. શ્રીલંકાએ આ માટે ૭ અબજ શ્રીલંકન રૂપિયાથી વધુનો ખર્ચ અંદાજ્યો છે. નવી યોજના મુજબ પવિત્ર વિસ્તારનો વ્યાપ ૨૮ ચોરસ કિલોમીટરથી વધારીને ૩૮ ચોરસ કિલોમીટર કરવામાં આવશે, જેમાં રસ્તાઓનું નવીનીકરણ, સ્વચ્છતા, કચરાનું વ્યવસ્થાપન અને યાત્રાળુઓ માટે પરિવહન સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે.આ વિરોધ પાછળનું મુખ્ય કારણ ભિક્ષુઓમાં રહેલો એવો ડર છે કે વિકાસના નામે આ પ્રાચીન બૌદ્ધ તીર્થસ્થળની મૂળ ઓળખ બદલાઈ જશે અને ત્યાં હિંદુ ધાર્મિક માળખા ઊભા કરવામાં આવશે. ધરપકડ પહેલા ભિક્ષુ કસ્સપે સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી સરકાર આ વિકાસ યોજનાનું ગેઝેટ નોટિફિકેશન રદ નહીં કરે અને કોર્ટના તિરસ્કાર બદલ જેલમાં બંધ કટ્ટરપંથી ભિક્ષુ ગલગોડાટ્ટે જ્ઞાનસારને માફી નહીં આપે, ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

અમેરિકાએ એક વર્ષમાં ૪.૮૩ લાખ ગેરકાયદે પ્રવાસીઓને દેશનિકાલ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૩ : અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ ગેરકાયદેસર પ્રવાસીઓ સામેની કાર્યવાહીએ છેલ્લા ૨૩ વર્ષના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ (ઢ્ઉંજી) દ્વારા જારી કરાયેલા તાજેતરમાં આંકડા મુજબ, ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એનફોર્સમેન્ટ (ૈંઝ્રઈ) એ નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન ૪,૮૩,૨૦૦ ગેરકાયદે પ્રવાસીઓની ધરપકડ કરીને તેમને દેશમાંથી ડિપોર્ટ (હકાલપટ્ટી) કર્યા છે.વર્ષ ૨૦૧૪માં પૂર્વ પ્રમુખ બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન ૪,૦૫,૦૯૦ લોકોને ડિપોર્ટ કરાયા હતા, ત્યારપછીનો આ સૌથી મોટો આંકડો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના ઈતિહાસમાં સૌથી વધુ ૧૧ લાખ ડિપોર્ટેશન વર્ષ ૧૯૫૪માં પ્રમુખ ડ્વાઈટ ડી. આઈઝનહોવરના શાસનકાળમાં નોંધાયા હતા.આંકડાકીય સરખામણી કરીએ તો, નાણાકીય વર્ષ ૨૦૨૬માં થયેલી આ કાર્યવાહી અગાઉના વર્ષ ૨૦૨૫ના ૪,૪૨,૬૪૦ના આંકડા કરતાં ૯ ટકા વધુ છે. જ્યારે જો બાઈડેનના શાસનના અંતિમ વર્ષ ૨૦૨૪માં થયેલા ૨,૭૧,૪૮૦ ડિપોર્ટેશનની તુલનાએ તેમાં ૭૮ ટકાનો મોટો ઉછાળો નોંધાયો છે.હોમલેન્ડ સિક્યોરિટી સેક્રેટરી માર્કવેન મુલિને જણાવ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પના કડક નેતૃત્વને કારણે ૈંઝ્રઈને ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓ સામે કાર્યવાહી કરવા માટે ખુલ્લો દોર આપવામાં આવ્યો છે. જોકે, ડિપોર્ટ કરાયેલા લોકોમાંથી કેટલા ગુનાહિત ઈતિહાસ ધરાવતા હતા તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી. 'ડિપોર્ટેશન ડેટા પ્રોજેક્ટ'ના રિપોર્ટ અનુસાર, જુલાઈ મહિનામાં બહાર કઢાયેલા લોકોમાંથી માત્ર ચોથા ભાગના જ ગુનેગારો હતા, જ્યારે અડધાથી વધુ લોકો પર કોઈ આરોપ પણ નહોતો.બીજી તરફ, આ આક્રમક અભિયાનના ભારે સામાજિક અને રાજકીય પ્રત્યાઘાતો પણ જોવા મળ્યા છે. મિનિયાપોલિસમાં ૨,૦૦૦થી વધુ ફેડરલ અધિકારીઓની તેનાતી દરમિયાન થયેલી હિંસક અશાંતિમાં બે અમેરિકન નાગરિકો - રેની ગુડ (૩૭) અને એલેક્સ પ્રિટી (૩૭) ના મોત નિપજ્યા હતા.ખેતરો અને ફેક્ટરીઓમાં કામ કરતા જૂના પ્રવાસીઓની અચાનક કરાયેલી ધરપકડોથી ગ્રામીણ વિસ્તારોમાં ભારે અસંતોષ ફેલાયો હતો. આ જ અસંતોષના પરિણામે તાજેતરમાં યોજાયેલી મિડટર્મ ચૂંટણીઓમાં પરંપરાગત રિપબ્લિકન મતદારોએ પણ ડેમોક્રેટ્સની તરફણ કરી હતી, જેના કારણે સંસદમાં ડેમોક્રેટિક પાર્ટીને મોટી જીત મળી છે.

દિલ્હીના રામલીલા મેદાનમાં ૨૮ નવેમ્બરે વધુ એક આંદોલન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩
દેશભરના અન્ય પછાત વર્ગ (OBC) સંગઠનો અને સામાજિક જૂથોએ જાતિ આધારિત વસ્તી ગણતરીના મુદ્દે કેન્દ્ર સરકાર સામે મોરચો માંડવાની જાહેરાત કરી છે. 'ઓલ ઈન્ડિયા કાસ્ટ સેન્સસ કોઓર્ડિનેશન કમિટી' દ્વારા આગામી 28 નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન બોલાવવામાં આવ્યું છે. આ અગાઉ 1 નવેમ્બરના રોજ પણ કોંગ્રેસના નેતૃત્વમાં 'ઈન્ડિયા' ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની માંગ સાથે આ જ મેદાન પર મોટું પ્રદર્શન કર્યું હતું.મતદાર માહિતીગુરુવારે (12 નવેમ્બર) વિવિધ OBC સંગઠનો અને નાગરિક સમાજના પ્રતિનિધિઓએ કેન્દ્ર સરકાર સમક્ષ માંગ કરી હતી કે 2027ની વસ્તી ગણતરીના તબક્કામાં ડ્રોપડાઉન મેનૂ સામેલ કરવામાં આવે. સંગઠનોના મતે, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), OBC અને સામાન્ય વર્ગ સહિતની તમામ જાતિઓને અલગ-અલગ વિશિષ્ટ કોડ આપવા જોઈએ. આ વ્યવસ્થાથી જાતિઓની ઓળખ અને ગણતરીમાં સ્પષ્ટતા આવશે અને સામાજિક ન્યાય માટે સચોટ આંકડા ઉપલબ્ધ થશે.2027ની વસ્તી ગણતરીની પ્રશ્નાવલીમાં કેન્દ્ર સરકારે SC અને ST સિવાયના બાકીના તમામ વર્ગો માટે જાતિની માહિતી ભરવા માટે 'ખુલ્લું કોલમ' રાખવાનો નિર્ણય લીધો છે. સંગઠનોએ 2011ની સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી નો દાખલો આપતા જણાવ્યું કે, તે સમયે ખુલ્લા કોલમના કારણે જાતિઓના 46 લાખથી વધુ નામો સામે આવ્યા હતા અને આંકડાકીય ગરબડના કારણે તેનો રિપોર્ટ રદ કરવો પડ્યો હતો. તેથી ભૂલો અને પુનરાવર્તન ટાળવા ડ્રોપડાઉન વિકલ્પ અનિવાર્ય છે.'ભારત જોડો અભિયાન'ના રાષ્ટ્રીય સંયોજક યોગિન્દ્ર યાદવે આ પ્રદર્શનને સમર્થન આપતા જણાવ્યું કે, અસમાનતાઓને સમજવા અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવા માટે દરેક સમુદાયની યોગ્ય ગણતરી જરૂરી છે. બીજી તરફ, ઓલ ઈન્ડિયા OBC સ્ટુડન્ટ્સ એસોસિએશનના અધ્યક્ષ જી. કિરણ કુમારે દેશભરના યુવાનોને 28 નવેમ્બરના આંદોલનમાં જોડાવા અપીલ કરી છે. ડીએમકે ના રાજ્યસભા સાંસદ પી. વિલ્સન અને તેલંગાણાના પૂર્વ મંત્રી વી. શ્રીનિવાસ ગૌડે પણ દરેક OBC સમુદાય માટે માનકીકૃત જાતિ નિર્દેશિકા તૈયાર કરવાની માંગને સમર્થન આપ્યું છે.

રાજ્યમાં દિવાળીના ત્રણ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને ૧૮,૫૧૩ કોલ્સ મળ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૩
ગુજરાતમાં દિવાળી, બેસતા વર્ષ અને ભાઈબીજના તહેવારો દરમિયાન ૧૦૮ ઈમરજન્સી સેવાઓને સામાન્ય દિવસોની સરખામણીએ ૧૩.૦૭ ટકાથી ૨૫.૬૭ ટકા સુધી વધુ ઈમરજન્સી કોલ્સ મળ્યા છે. ૮ નવેમ્બર દિવાળી, ૧૦ નવેમ્બર બેસતું વર્ષ અને ૧૧ નવેમ્બર ભાઈબીજ એમ ત્રણ દિવસમાં અમદાવાદ સહિત રાજ્યભરમાં કુલ ૧૮,૫૧૩ ઈમરજન્સી કેસો નોંધાયા છે, જે સામાન્ય દિવસોના દૈનિક સરેરાશ ૫,૨૪૮ કેસ કરતા ઘણા વધારે છે. તહેવારોમાં મુસાફરી વધવાને કારણે માર્ગ અકસ્માત અને મારામારીના બનાવોમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો છે.સામાન્ય દિવસોમાં રાજ્યમાં સરેરાશ ૬૪૬ માર્ગ અકસ્માત નોંધાય છે. તેની સામે દિવાળીના દિવસે ૧,૨૧૨ (૮૭.૬૨% વધારો), બેસતા વર્ષે ૧,૫૪૧ (૧૩૮.૫૪% વધારો) અને ભાઈબીજે ૧,૦૩૨ (૫૯.૭૫% વધારો) અકસ્માતના કેસ સામે આવ્યા છે.બિન-વાહન સંબંધિત ઈજાઓમાં પણ દિવાળીએ ૭૫.૨૯% (૧,૦૪૩ કેસ) અને બેસતા વર્ષે ૫૭.૬૫% (૯૩૮ કેસ)નો વધારો થયો છે.તહેવારોમાં લોકોની અવરજવર વધતા મહાનગરોમાં ઈમરજન્સી કોલ્સ વધ્યા હતા. દિવાળીના દિવસે સુરતમાં ૧૦.૯૧% અને રાજકોટમાં ૬.૭૬% કોલ્સ વધ્યા હતા. બેસતા વર્ષે વડોદરામાં ૨૫.૬૭%, રાજકોટમાં ૨૧.૭૧% અને અમદાવાદમાં ૧૩.૫૨%નો ઉછાળો નોંધાયો હતો. જ્યારે ભાઈબીજના દિવસે રાજકોટમાં ૧૪.૫૯%, વડોદરામાં ૯.૫૮% અને અમદાવાદમાં ૭.૮૯% વધુ કોલ્સ નોંધાયા હતા. ૧૦૮ની ટીમ દ્વારા અગાઉથી કરાયેલા આયોજન અને ફિલ્ડ કોઓર્ડિનેશનના કારણે તમામ ઈમરજન્સી સેવાઓ અવિરત ચાલુ રહી હતી.

રોબર્ટ થોર્પ : એ વ્યક્તિ જે પોતાની માતાની માતૃભૂમિની શોધમાં કાશ્મીર આવ્યા હતાં

એક યુવાનની કહાની, જે કાશ્મીર આવ્યા, અહીંના લોકો વિશે લખ્યું અને ફરી ક્યારેય પાછા ન ફર્યા



શ્રીનગરના જેલમ નદીના બંડ અને લાલ ચોકની નજીક આવેલા એક ઓછા જાણીતા ખ્રિસ્તી કબ્રસ્તાનમાં, જૂના ચિનાર વૃક્ષોની છાયામાં રોબર્ટ થોર્પની કબર આવેલી છે.

તેમની કબર પર લખેલા શબ્દો છે

તેમણે કાશ્મીર માટે પોતાનું જીવન આપ્યું.

તેમના મૃત્યુને ૧૫૦ વર્ષથી વધુ સમય વીતી ગયો છે, છતાં રોબર્ટ થોર્પની કહાની આજે પણ લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે. આ માત્ર રાજકારણ કે ઇતિહાસની કહાની નથી. તેની પાછળ એક અત્યંત અંગત લાગણી જોડાયેલી છે – એક માતા, તેની માતૃભૂમિ અને એક એવો પુત્ર, જે બાળપણથી સાંભળતો આવ્યો હતો તે કાશ્મીરને પોતાની આંખે જોવા આતુર હતો.

કાશ્મીરમાં શરૂ થયેલી એક પ્રેમકથા

રોબર્ટ થોર્પનો જન્મ ૧૮૩૮માં એક બ્રિટિશ પિતા અને કાશ્મીરી માતા જાના (Jana) ના ઘરે થયો હતો.

તેમનાં માતા-પિતાની મુલાકાતની કહાની અલગ-અલગ રીતે વર્ણવવામાં આવે છે.

એક માન્યતા અનુસાર, રોબર્ટના પિતા કર્નલ થોર્પ ૧૮૩૩માં કાશ્મીર આવ્યા હતા અને અહીં જાના બીબી નામની એક સ્થાનિક કાશ્મીરી યુવતીના પ્રેમમાં પડ્યા હતા. કેટલાક વર્ણનોમાં તેમને કિશ્તવાડના શાસક દયિમ રાઠોડની પુત્રી ગણાવવામાં આવે છે, જ્યારે બીજી એક પરંપરા તેમના મૂળને તોસામૈદાન વિસ્તાર સાથે જોડે છે.

અન્ય એક વર્ણન અનુસાર, જાના બુડગામના સુગેન યારિનાર ખાતે પોતાના પરિવાર સાથે રહેતી હતી. કહેવાય છે કે તેના ભાવિ પતિ, એક બ્રિટિશ સૈન્ય અધિકારીએ તેને ભેંસો ચરાવતી વખતે જોઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે સંબંધ બંધાયો અને તેમના લગ્ન થયા. આ સંબંધમાંથી રોબર્ટનો જન્મ થયો.

અલગ-અલગ સ્રોતોમાં વિગતો ભલે જુદી હોય, પરંતુ એક વાત સર્વસામાન્ય છે

રોબર્ટ થોર્પની માતા કાશ્મીરી હતી.

અને આ સંબંધ તેમના ટૂંકા જીવન દરમિયાન હંમેશાં મહત્ત્વનો રહ્યો.

કાશ્મીર – તેમની માતાની માતૃભૂમિ

રોબર્ટનો ઉછેર તેમની માતા જાના પાસેથી કાશ્મીરની વાતો સાંભળતાં થયો હતો.

તેમણે કાશ્મીરની સુંદરતા વિશે સાંભળ્યું હતું, પરંતુ તેની સાથે અહીંના લોકો જે મુશ્કેલીઓનો સામનો કરતા હતા તે વિશે પણ જાણ્યું હતું.

તેમના માટે કાશ્મીર માત્ર દૂર આવેલી કોઈ અજાણી ભૂમિ નહોતું. તે તેમની માતાની જન્મભૂમિ હતી, તેમના પરિવારના ઇતિહાસ અને પોતાની ઓળખ સાથે જોડાયેલો પ્રદેશ હતો.

તેમના જીવન વિશેના વર્ણનો અનુસાર, થોર્પના મનમાં કાશ્મીરને પોતાની આંખે જોવાની તીવ્ર ઇચ્છા જાગી હતી. જ્યારે આખરે ૧૮૬૦ના દાયકામાં તેઓ કાશ્મીર આવ્યા, ત્યારે તેઓ કોઈ અજાણ્યા દેશમાં પ્રવેશી રહ્યા નહોતા. તેઓ પોતાની માતાની માતૃભૂમિમાં આવી રહ્યા હતા.

કદાચ આ અંગત સંબંધ જ આપણને સમજવામાં મદદ કરે છે કે કાશ્મીરે તેમના હૃદયને આટલી ઊંડી અસર શા માટે કરી.

કાશ્મીરની ધરતી પર પ્રવાસ કરનાર યુવાન

થોર્પ માત્ર શ્રીનગર પૂરતા સીમિત રહ્યા નહોતા.

તેમણે ગામડાંઓમાં પ્રવાસ કર્યો અને સ્થાનિક લોકો સાથે વાતચીત કરી. તેમણે લોકોના જીવન, કરવેરા, જમીન, અર્થવ્યવસ્થા, વહીવટીતંત્ર અને સામાન્ય લોકોની પરિસ્થિતિ વિશે માહિતી એકત્રિત કરી.

તેમણે ગરીબી અને મુશ્કેલીઓ જોઈ અને જે કંઈ પોતાની નજરે જોયું તેના પ્રત્યે તેમની ટીકા વધુ તીવ્ર બનતી ગઈ.

તેમનાં નિરીક્ષણો અને અનુભવો અંતે તેમના લેખોમાં - ગટ થયા અને ત્યારબાદ "Cashmere Misgovernment" નામના પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યા. આ પુસ્તક તેમના મૃત્યુના બે વર્ષ બાદ, ૧૮૭૦માં લંડનથી પ્રકાશિત થયું હતું.

ઇતિહાસકારો માટે આ લખાણો આજે પણ મહત્ત્વ ધરાવે છે, કારણ કે તે ઓગણીસમી સદીના કાશ્મીરનું સમકાલીન ચિત્રણ રજૂ કરે છે.

રાજકારણથી પણ આગળની એક કહાની


ઓગણીસમી સદીના કાશ્મીરના રાજકીય ઇતિહાસમાં થોર્પની કહાનીને ઘણીવાર મુખ્યત્વે રાજકીય દૃષ્ટિકોણથી યાદ કરવામાં આવે છે. પરંતુ તેમના વ્યક્તિત્વનું એક બીજું પાસું પણ હતું.


તેઓ એક યુવાન બ્રિટિશ અધિકારી હતા, જેમના મનમાં પોતાની માતાની જન્મભૂમિ પ્રત્યે ઊંડો ભાવનાત્મક લગાવ હતો.

તેમના લેખો દર્શાવે છે કે કાશ્મીરમાં તેમણે જે લોકોની પરિસ્થિતિ જોઈ હતી તેનાથી તેઓ ખૂબ વ્યથિત થયા હતા.

તેમણે જે જોયું હતું તેના વિશે લખવાનું પસંદ કર્યું અને કાશ્મીરી લોકોની સ્થિતિ કાશ્મીરની બહારના લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો.

તેમનાં લખાણો નિઃશંકપણે રાજકીય હતાં અને તેમની પ્રવૃત્તિઓની પાછળ બ્રિટિશ





હિતોનો વ્યાપક સંદર્ભ પણ હતો. તેમ છતાં, આ બાબત તેમની કહાનીના અંગત અને ભાવનાત્મક પાસાને નકારી શકતી નથી.

થોર્પ માટે કાશ્મીર માત્ર એક રાજકીય પ્રદેશ નહોતો.

તે તેમની માતાની માતૃભૂમિ હતી.

એક યુવાન જીવન અને જટિલ સમયખંડની વાતો પણ ભારે રોચક છે.

રોબર્ટ થોર્પનો સમય મહારાજા રણબીર સિંહના શાસનકાળનો હતો.

તેમણે તે સમયના વહીવટીતંત્રની આકરી ટીકા કરી હતી, ખાસ કરીને કરવેરા, બેગાર અને સામાન્ય લોકોની સ્થિતિને લઈને.

પરંતુ તેમની કહાનીને માત્ર એક બ્રિટિશ અધિકારી અને ડોગરા શાસન વચ્ચેના સંઘર્ષ તરીકે જોવી યોગ્ય નથી. તેમનું જીવન આના કરતાં ઘણું વધારે અંગત હતું.



ચશ્મે બદૂર કશ્મીર

ડો. રાધિકા ટીક્કુ, વલસાડ

કાશ્મીરને પોતાની આંખે જોયું તે પહેલાં જ તેઓ પોતાની માતા પાસેથી તેની વાતો સાંભળતા આવ્યા હતા. જ્યારે આખરે તેઓ ખીણમાં પહોંચ્યા, ત્યારે તેમણે ગામડાંઓનો પ્રવાસ કર્યો, લોકોને મળ્યા અને તેમની આસપાસના જીવનને સમજવાનો પ્રયાસ કર્યો.

તેમના રાજકીય વિચારો વિશે આપણો અભિપ્રાય ગમે તે હોય, પરંતુ કાશ્મીર પ્રત્યેનો તેમનો લગાવ તેમની કહાનીનો એક મહત્ત્વનો ભાગ છે.

સાથે જ, સામાન્ય લોકો, કરવેરા, જમીન, મજૂરી અને વહીવટીતંત્ર વિશેનાં તેમનાં વિસ્તૃત નિરીક્ષણોએ તેમના કાર્યને એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સ્રોત બનાવ્યું છે.

આ જ કારણ છે કે રોબર્ટ થોર્પ આજે પણ યાદ કરવામાં આવે છે.

એટલા માટે નહીં કે તેમણે લખેલી દરેક વાતને કોઈ શંકા વિના અંતિમ સત્ય માની લેવામાં આવે, પરંતુ એટલા માટે કે તેમનાં લખાણો એવા યુવાનના અનુભવો અને નિરીક્ષણોને સાચવી રાખે છે, જેણે કાશ્મીરના ઇતિહાસના એક અલગ જ સમયખંડમાં અહીં પ્રવાસ કર્યો હતો.

એક રહસ્યમય અંત

કાશ્મીરમાં રોબર્ટ થોર્પના જીવનનો અચાનક અંત નવેમ્બર ૧૮૬૮માં આવ્યો. ૨૨ નવેમ્બર ૧૮૬૮ના રોજ શ્રીનગરમાં તેમનું અવસાન થયું.

બ્રિટિશ ડૉક્ટર હેનરી કેલીએ તેમના મૃત્યુનું કારણ હૃદય ફાટી જવું (Rupture of the Heart) નોંધ્યું હતું. જોકે, સમય જતાં તેમના મૃત્યુની આસપાસ ઝેર આપવાની અને અન્ય સંજોગોની વાતો પણ લોકસ્મૃતિનો ભાગ બની ગઈ.

પછીના કેટલાક વર્ણનોમાં તેમના મૃત્યુ પહેલાં બનેલી ઘટનાઓની જુદી-જુદી કહાનીઓ મળે છે. કેટલાકના મતે તેમને કાશ્મીર છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જ્યારે અન્ય વર્ણનો તેમના મૃત્યુને શંકરાચાર્ય ટેકરી નજીક બનેલી એક ઘટના સાથે જોડે છે.

આ વર્ણનોમાં ભિન્નતા હોવાથી ખરેખર શું બન્યું હતું તે ચોક્કસપણે સ્થાપિત કરવું મુશ્કેલ છે.

તેમની ઉંમર માત્ર લગભગ ૩૦ વર્ષની હતી.

એક યુવાન જીવનનો એ ધરતી પર અણધાર્યો અંત આવ્યો, જેને જોવા માટે તેઓ આટલો લાંબો પ્રવાસ કરીને આવ્યા હતા.

થોર્પને શ્રીનગરના શેખ બાગ ખાતે આવેલા ખ્રિસ્તી કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા હતા.

તેમની કબર પર કોતરાયેલા શબ્દો તેમની કહાનીનો સૌથી યાદગાર ભાગ બની ગયાં

તેમણે કાશ્મીર માટે પોતાનું જીવન આપ્યું.

સમય જતાં કેટલાક કાશ્મીરી લેખકો અને ઇતિહાસકારોએ તેમને કાશ્મીરના શહીદ તરીકે યાદ કર્યા. ૧૯૬૭માં ફિદા હસનૈને તેમના વિશે લખતાં તેમને કાશ્મીરના પ્રથમ શહીદ તરીકે સંબોધ્યા હતા. ત્યારબાદ તેમની કબર પર સ્મૃતિ કાર્યક્રમો પણ યોજાવા લાગ્યા.

પરંતુ કદાચ આ શબ્દોને જોવાની એક બીજી રીત પણ હોઈ શકે છે.

કદાચ રોબર્ટ થોર્પની કબર માત્ર તેમના મૃત્યુની કહાની નથી કહેતી.

તે એ પણ જણાવે છે કે તેઓ અહીં શા માટે આવ્યા હતા.

તેઓ એટલા માટે આવ્યા હતા કારણ કે તેમની માતા સાથેનો એક સંબંધ તેમને કાશ્મીર સુધી ખેંચી લાવ્યો હતો.

તેઓ એટલા માટે આવ્યા હતા કારણ કે કાશ્મીર તેમના પરિવારની કહાનીનો એક ભાગ હતું.

તેઓ એટલા માટે આવ્યા હતા કારણ કે બાળપણથી જે ધરતીની સુંદરતા અને ત્યાંના લોકોની મુશ્કેલીઓ વિશે સાંભળ્યું હતું, તેને તેઓ પોતાની આંખે જોવા માંગતા હતા.

અને જ્યારે તેઓ અહીં આવ્યા, ત્યારે માત્ર શ્રીનગરમાંથી પસાર થઈને પાછા ફર્યા નહોતા. તેમણે પ્રવાસ કર્યો, નિરીક્ષણ કર્યું, લખ્યું અને જે કંઈ જોયું હતું તે અન્ય લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો.એક એવી ઝંખના જેને હું સમજી શકું છું

થોર્પ કાશ્મીર આવ્યા તે પહેલાં જ તેમની માતા પાસેથી તેની વાતો સાંભળતા આવ્યા હતા. તેમના માટે કાશ્મીર તેમની માતાની જન્મભૂમિ હતી, એક એવી ધરતી જેને તેઓ માતાની યાદો અને કહાનીઓ દ્વારા ઓળખતા થયા હતા.

રોબર્ટ થોર્પ ની જિંદગી પણ



કાશ્મીરી પંડિત પેઢી સાથે એક નાનકડી સમાનતા જોવા મળે છે.

પંડિત સમુદાય પણ માતા-પિતા અને વડીલો પાસેથી પોતાની માતૃભૂમિની કહાનીઓ સાંભળતાં મોટાં થયાં છે .તેમના પોતાના મહેલો જેવાં ઘરો, ગામડાંઓ, મંદિરો, ઝરણાંઓ, તહેવારો અને તે કાશ્મીરની વાતો, જેને તેમના વડીલો પાછળ છોડી આવ્યાં હતાં.

થોર્પ પોતાની માતા પાસેથી સાંભળેલી માતૃભૂમિને જોવા માટે કાશ્મીર આવ્યા હતા.

પંડિતોના બાળકો માતા-પિતા પાસેથી સાંભળેલી માતૃભૂમિને ફરી જોવાની ઝંખના સાથે મોટાં થયાં છે.

પંડિતોના સંજોગો ભલે અલગ હતા, પરંતુ લાગણી એકસરખી રહી – પેઢી દર પેઢી યાદો અને કહાનીઓ દ્વારા જીવંત રહેતો પોતાની માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ.

નવી પેઢીના લોકો માટે કાશ્મીર માત્ર નકશા પરનો એક પ્રદેશ નથી. તે કશ્મીરી પંડિતોની ઓળખનો એક ભાગ છે.

તેમણે પોતાની માતા પાસેથી કાશ્મીરનો વારસો મેળવ્યો હતો.અને કદાચ તેમની કહાની અને આપણી કહાની વચ્ચેનો આ જ સૌથી સુંદર સંબંધ છે ક્યારેક માતૃભૂમિને હાથમાં લઈને ફરવાની જરૂર હોતી નથી, કારણ કે તે આપણી યાદો, કહાનીઓ અને હૃદયમાં જીવંત રહે છે. રોબર્ટ થોર્પનું જીવન આજની પેઢીને પોતાનાં મૂળિયાંનું મહત્ત્વ સમજવાની, વડીલોની વાતો ધ્યાનથી સાંભળવાની અને પોતાની માતૃભૂમિના ઇતિહાસ સમજવાનુંજ્ઞાન આપે છે .

આવી દિવાળી



વર્ષો વીતતા જાય છે, કૅલેન્ડરના પાનાં બદલાય છે અને દિવાળી

આવે છે. પણ શું ખરેખર દિવાળી એ જ છે જે દાયકાઓ પહેલાં હતી? કે પછી આજના ડિજિટલ યુગમાં દિવાળીનો અર્થ સાવ બદલાઈ ગયો છે? આજના ઝડપી અને સોશિયલ મીડિયાયુક્ત સમયમાં જ્યારે દિવાળી આવે છે, ત્યારે સવાલ થાય કે - શું આપણે ખરેખર દિવાળી ઉજવીએ છીએ કે પછી માત્ર તહેવારની ઔપચારિકતા નિભાવીએ છીએ?

એક સમય હતો જ્યારે દિવાળી એટલે અઠવાડિયા અગાઉથી ઘરની સાફ-સફાઈ, તોરણ, રંગોળીની ભાત પાડવી અને ઘરમાં બનતા ઘૂઘરા, મઠીયા અને થાબડાની સુગંધથી આખો મહોલ્લો મહેકતો. બાળકો અઠવાડિયા અગાઉથી ફટાકડાની યાદી બનાવતા અને રાત્રે આકાશમાં થતી નવી-નવી આતશબાજી ઉત્સાહ જગાવતી.

આજના સમયની સરખામણી કરીએ તો, આજે સમયનો અભાવ છે. હવે રંગોળી દોરવાની ફુરસદ નથી એટલે રેડીમેડ સ્ટીકરો આવી ગયા છે. આતશબાજીની સાથે-સાથે હવે ડિજિટલ ફટાકડાઓ અને વોટ્સએપ પર આવતી રેડીમેડ ફોર્વર્ડ શાયરીઓએ પણ જગ્યા લીધી છે. સગાંસંબંધીઓ કે મિત્રોને રૂબરૂ મળીને ભેટી પડવાને બદલે હવે આંગળીના ટેરવે એક જ મેસેજ સેંકડો લોકોને બ્રોડકાસ્ટ કરી દેવામાં આવે છે.



નોખી-અનોખી

- કિંજલ પંડ્યા, પારડી

પ્રશ્ન એ થાય કે, શું આ ડિજિટલ સ્ક્રીન પર દેખાતી ઝાકઝમાળ આપણા સંબંધોમાં સાચો પ્રકાશ પાથરી શકે છે?

આજના સમયમાં ઘરોમાં એલઈડી લાઈટોની ઝાલર-માળાઓ લગાવીને ઘરને પ્રકાશિત કરી દેવામાં આવે છે, પરંતુ મનની દીવાલો પર જામેલા અંધકારનું શું? પહેલાં દિવાળી એટલે માત્ર દીવા પ્રગટાવવાનું પર્વ નહોતું, પણ અંદરના ભેદભાવ, ઈર્ષ્યા અને મનદુઃખને મિટાવીને એકબીજાના ઘરે જઈને ગળે મળવાનો અવસર હતો. આજે ભલે મોટા મકાનો બની ગયા હોય, પણ ઘરની અંદર રહેતા લોકો વચ્ચેના અંતરો વધ્યા છે. આજના યુગની દિવાળી આપણને યાદ અપાવે છે કે બહાર ભલે ગમે તેટલા દીવા પ્રગટે, જો હૃદયમાં પ્રેમ અને સ્નેહનો દીવો ન પ્રજવળે, તો અંધકાર ત્યાં જ રહે છે.

આજે આપણે ધનની દેવી લક્ષ્મીજીનું પૂજન તો ધામધૂમથી કરીએ છીએ, પણ સમય આવી ગયો છે કે આપણે લક્ષ્મીજીના સ્વરૂપને આજના પરિપ્રેક્ષ્યમાં સમજીએ. માત્ર સોનું, ચાંદી કે નોટોના ગડ્ડી જ લક્ષ્મી નથી. સમય, જ્ઞાન, સ્વાસ્થ્ય અને સદવિચારો પણ લક્ષ્મીજીનું જ સ્વરૂપ છે. આજના યુગમાં સૌથી મોટી સંપત્તિ જો કોઈ હોય, તો તે શાંત મન અને નિરામય સ્વાસ્થ્ય છે. આ દિવાળીએ આપણે એવો સંકલ્પ કરીએ કે માત્ર ધનથી નહીં, પણ સત્કાર્યો અને પરોપકારથી આપણા જીવનને સમૃદ્ધ બનાવીશું.

દિવાળી ત્યારે જ સાર્થક ગણાય, જ્યારે આપણા ઘરની સાથે-સાથે કોઈ નિરાધાર કે જરૂરિયાતમંદના જીવનમાં પણ અજવાળું ફેલાય. કોઈના સૂકા હોઠ પર સ્મિત લાવવું, કોઈ અસહાયને મદદરૂપ બનવું અને આપણા અહંકારના દીવાને ઓલવીને નમ્રતાનો દીવો પ્રગટાવવો- આ જ આજના સમયની ખરી દિવાળી છે.

આવનારું આ નવું વર્ષ અને દીપાવલીપર્વ આપ સૌના જીવનમાં નવી આશા, નવો ઉત્સાહ અને સકારાત્મક ઊર્જા લઈને આવે, એ જ અભ્યર્થના!

ભાઈ-બહેનનો પ્રેમ : મશ્કરી નહીં, સાચા સંબંધની ગરિમા !

ભાઈ-બહેનનો સંબંધ દુનિયાના સૌથી અનોખા સંબંધોમાંનો એક છે. બાળપણમાં નાની-નાની વાતે ઝઘડવું, એકબીજાની વસ્તુઓ છુપાવવી, ચીડવવું અને પછી થોડી જ વારમાં ફરી સાથે રમવા લાગી જવું—આ બધું આ સંબંધની મીઠાશ છે. પરંતુ આજના સોશિયલ મીડિયાના યુગમાં આ જ મશ્કરી ઘણીવાર મર્યાદા પાર કરી જાય છે અને મનોરંજનના નામે સંબંધોમાં કડવાશ ઊભી કરે છે.

મશ્કરી એવી જ સારી, જે હાસ્ય આપે દિલને;
દિલ દુભાય જ્યાંથી, ત્યાં મશ્કરી નહીં—અપમાન ગણાય એને.

આજે રીલ, મીમ અને વાયરલ કન્ટેન્ટના નામે ભાઈ-બહેન એકબીજાની અંગત વાતો, દેખાવ, લગ્ન, સંબંધો કે નબળાઈઓને જાહેરમાં મજાકનું સાધન બનાવી દે છે. સામેની વ્યક્તિ હસતી હોય એટલે તેને ખરેખર દુઃખ નથી થતું એવું માનવું સૌથી મોટી ભૂલ છે. ઘણીવાર માણસ લોકો સામે હસી લે છે, પરંતુ એ જ શબ્દો અંદરથી સંબંધને ધીમે ધીમે ખોખલો કરતા જાય છે.

લાઈક્સની ગણતરીમાં સંબંધોની કિંમત ન ભૂલશો, વાયરલ થવાની ઘેલછામાં પોતાના જ માણસને ન ગુમાવશો.



સોશિયલ મીડિયા પર થોડા સેકન્ડની મજા માટે બનાવેલી રીલ કદાચ હજારો લોકો સુધી પહોંચી શકે, પરંતુ તેની અસર વર્ષો સુધી ભાઈ-બહેનના મનમાં રહી શકે છે. ખાસ કરીને જ્યારે કોઈ અંગત વાતને જાહેર કરવામાં આવે, કોઈની મજાક ઉડાવવામાં આવે અથવા પરિવારની વાતને લોકો સમક્ષ રમૂજ બનાવી દેવામાં આવે ત્યારે વિશ્વાસને ઠેસ પહોંચે છે.

સતરંગી શમણાં

-નીતા પી. જાદવ, રાજકોટ

ભાઈ-બહેનનો સાચો પ્રેમ એવો હોવો જોઈએ કે જ્યાં મશ્કરીમાં પણ મર્યાદા હોય, હાસ્યમાં પણ લાગણી હોય અને શબ્દોમાં પણ સન્માન હોય. દુનિયા સામે ભાઈ-બહેન એકબીજાની મજાક કરે એ સહેલું છે, પરંતુ દુનિયા સામે એકબીજાની ઢાલ બનીને ઊભા રહેવું એ સાચો પ્રેમ છે.

બાળપણની લડાઈ ભૂલી શકાય છે, પણ મોટા થઈને અપાયેલા ઘા સહેલાઈથી ભૂલાતા નથી.

આપણે એ પણ સમજવું પડશે કે દરેક વ્યક્તિની સહનશક્તિ સરખી હોતી નથી. જે વાત આપણને સામાન્ય મજાક લાગે છે, એ જ વાત સામેના માણસના આત્મસન્માનને ઠેસ પહોંચાડી શકે છે. એટલે પોસ્ટ કરતા પહેલાં એક નાનો પ્રશ્ન પોતાને પૂછવો જોઈએ—આ જ વાત મારા ભાઈ કે બહેન મારા વિશે જાહેરમાં કહે તો મને ગમશે? જો જવાબ 'ના' હોય, તો એ મજાક કરવી જ નહીં. ભાઈ-બહેનનો સંબંધ માત્ર લોહીનો સંબંધ નથી; એ બાળપણની યાદો, માતા-પિતાની સંસ્કારભરી છત્રછાયા, સુખ-દુઃખની સાથોસાથ અને જીવનભરનો એક અદૃશ્ય સહારો છે. સમય બદલાય, લગ્ન થાય, જવાબદારીઓ વધે, જીવન અલગ રસ્તે જાય—પણ જરૂર પડે ત્યારે જે વ્યક્તિ સૌથી પહેલાં તમારી બાજુમાં ઊભી રહે છે, એ ઘણીવાર તમારો ભાઈ કે બહેન જ હોય છે.

રીલની મજા બે દિવસની, પણ ભાઈ-બહેનનો સંબંધ આખી જિંદગીનો;
એટલે મશ્કરી કરતાં પહેલાં વિચારજો—
ક્યાંક ક્ષણિક હાસ્યમાં કાયમી સંબંધ તો નથી હારતા ને?

સોશિયલ મીડિયા રહેવાનું છે, રીલ્સ આવવાની અને જવાની છે, લાઈક્સ પણ સમય સાથે ભૂલાઈ જશે. પરંતુ ભાઈ-બહેનનો સંબંધ જીવનભર આપણી સાથે રહેવાનો છે. તેથી વાયરલ થવા કરતાં સંબંધ સાચવવો વધારે જરૂરી છે.

કારણ કે અંતે જીવનમાં સૌથી મોટું 'ફોલોઅર' કોઈ સોશિયલ મીડિયા પર નથી—પરંતુ એ વ્યક્તિ છે, જે દુનિયા છોડે તો પણ તમારો હાથ છોડતી નથી.

ગુજરાતના અમદાવાદ અને સાણંદ સ્વચ્છતા ક્ષેત્રે દેશમાં અગ્રેસર

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૩: ભારતના સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય હેઠળના શહેરી વિકાસ વિભાગ દ્વારા ગુજરાતના શહેરોને સ્વચ્છતા ક્ષેત્રે દેશભરમાં અગ્રેસરતા માટેના એવોર્ડ્સ એનાયત થયા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે નવી દિલ્હીમાં આ એવોર્ડ્સ અમદાવાદ-સાણંદ, વડોદરા અને સુરતના શહેરી સત્તા તંત્રોને અર્પણ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વચ્છતા ક્ષેત્રે અગ્રેસરતા માટે આ શહેરોને અને નાગરિકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા છે.તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં સ્વચ્છતા માટેનું જે જન આંદોલન ચલાવ્યું છે તેને ગુજરાતે ચરિતાર્થ કર્યું છે. વડાપ્રધાનની પ્રેરણા અને માર્ગદર્શનમાં સ્વચ્છતા રાજ્યના દરેક લોકોની જીવન શૈલી બની ગઈ છે તેનો આનંદ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ સૌને સ્વચ્છ અને વિકસિત ગુજરાત તરફ વધુ તેજ ગતિએ આગળ વધવા આહવાન કર્યું છે.

રાજ્ય સરકારના ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળનો ખાડી દેશોનો પ્રવાસ સફળ બન્યો

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૩: આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (વીજીજીએસ)ની ૧૧મી આવૃત્તિની તૈયારીઓને વેગ આપવા ગુજરાત સરકારના એક ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળે ૨૫ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન કતાર, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) જેવા ખાડી દેશોની સફળ મુલાકાત લીધી હતી. એક અઠવાડિયાના આ મિશન દરમિયાનશ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ લોચન સહેરાના નેતૃત્વ હેઠળના આ પ્રતિનિધિમંડળમાં વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને ઉદ્યોગ અગ્રણીઓને સમાવતા પ્રતિનિધિમંડળે ૨૫થી વધુ વન-ટુ-વન બેઠકો અને વિવિધ સેક્ટર-આધારિત રાઉન્ડટેબલ સંવાદો યોજ્યા હતા, જેમાં ૧૬૦થી વધુ સંસ્થાકીય પ્રતિનિધિઓ સામેલ થયા હતા. પ્રવાસનું મુખ્ય આકર્ષણ કતાર ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (ક્યુઆઇએ), ઓમાન ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટી (ઓઆઇએ) અને લિમાડ હોલ્ડિંગ્સ જેવા સોવરેન વેલ્થ ફંડ્સ સાથેની સીધી બેઠકો રહી હતી.

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભેચ્છા


HP GAS M/S. BAGANI HP GAS GRAMIN VITRAK | Indane SAFE RELIABLE CONVENIENT | Bharatgas COOK FOOD. SERVE LOVE.

ગેસ બોટલ વપરાશકર્તા જોગ

સરળ અને નિયમિત રીતે રેગ્યુલર રિફિલ સપ્લાય અને સબસીડી (મેળવવા પાત્ર) માટે ekyc અને OTP ફરજીયાત છે.

- મેહુલ ગેસ એજન્સી
- ફાલ્કન ગેસ એજન્સી - નવસારી ગેસ કંપની -
સદ્‌ભાવના ગેસ એજન્સી - ઝુમુર ગેસ એજન્સી






ઓવાડામાં દીપડો પાંજરે પુરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૩ : છેલ્લા ઘણા દિવસોથી આ વિસ્તારમાં દીપડો દેખાતા લોકો રાત્રિના સમયે તેમજ વહેલી સવારે ખેતરોમાં જતાં ગભરાતા હતાં. ગ્રામજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દીપડાને પકડવા માટે પાંજરું મૂકવામાં આવ્યું હતું. આજે આખરે દીપડો પાંજરામાં પૂરાઈ જતાં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી દહેશતનો અંત આવ્યો છે અને ગ્રામજનોમાં હાશકારો જોવા મળી રહ્યો છે. દીપડો પાંજરે પુરાયાની જાણ થતાં જ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં. હાલ વન વિભાગની ટીમ દ્વારા દીપડાનો કબજો લઈ તેને સુરક્ષિત રીતે આગળની તબીબી તપાસ અને કાર્યવાહી માટે લઈ જવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા.
કોલેજ કેમ્પસ, મોરારજી દેસાઈ રોડ,
બીલીમોરા-૩૯૬ ૩૨૧

દિપાવલી તથા નૂતનવર્ષ
પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

લિ.

ઉદયકુમાર એસ. પટેલ
મંત્રી


નરેશચંદ્ર પી. નેમાણી
ચેરમેન-સ્ટેન્ડીંગ કમિટી

તથા

મંડળનાં હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તથા સભ્યશ્રીઓ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ,બીલીમોરા.

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના



દિપાવલી તથા નૂતન વર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



Believe in your endless potential. Every small effort you make today is building a brighter and more successful tomorrow. Keep learning and keep shining.

- એક શુભેચ્છક -

અમલસાડ વિભાગ વિવિધ
કાર્યકારી સહકારી ખેડૂત મંડળી લિ.
અમલસાડ

પો. અમલસાડ, તા. ગણદેવી, જી. નવસારી, પીન કોડ - ૩૯૬ ૩૧૦
ટેલીફોન ઓફીસ (૦૨૬૩૪) ૨૭૨૨૪૦, ૨૭૨૪૫૪, ૨૭૦૯૧૦,
ફળ વિભાગ. ૨૭૨૨૬૮, કછોલી ફળ વિભાગ ૨૭૨૭૬૮
E-mail : kssamalsad@gmail.com, Website : amalsadkss.com
મુખ્ય ઓફીસઃ અમલસાડ શાખાઓઃ ૧૮

'શુભ થાઓ આ સકલ વિશ્વનું'

સંસ્થાની પ્રવૃત્તિઓ

- કે.એસ.એસ. માર્કાના ચીકુ, કેરી તથા કેળા- સુરણ, ડાંગરનાં પાકોની પુલીંગ પધ્ધતિથી વેચાણ વ્યવસ્થા.
- અમીધારા બ્રાન્ડ કેસર કેરીનો રસ પેક ટીનમાં હાજર સ્ટોકમાં મળશે.
- અનાજ, કઠોળ, કરિયાણું, ગાંધીયાણું, સીમેન્ટ, સીમેન્ટ પતરાં, બાંધકામ માટે સ્ટીલ, ખાતર, બીયારણ, જંતુનાશક દવા, ખેતીનાં ઓજારો, ટ્રેક્ટર મારફત ખેડાણ વ્યવસ્થા, ડિપાર્ટમેન્ટલ સ્ટોર તથા ફટાકડા,પતંગ, તથા જુદા-જુદા તહેવારોને અનુરૂપ શ્રીખંડ, મીઠાઇઓનું વેચાણ.
- સભાસદોને ઘિરાણની સગવડ.
- અમૂલપાર્લર દ્વારા અમૂલ પ્રોડક્ટનું વેચાણ.
- જીવન જરૂરી ચીજ-વસ્તુઓનું વેચાણ.
- શુભ પ્રસંગે અમારે ત્યાંથી સાફ કરેલ ઉત્તમ ક્વોલીટીના અનાજ, કરિયાણું, મરી-મસાલા ખરીદવાનો આગ્રહ રાખો. આ અંગે વ્યક્તિગત પૂરતું ધ્યાન આપવામાં આવશે.
- તમામ પ્રકારનું કાપડ, વુલન હોઝીયરી, સાડીઓ, શુટીંગ-શર્ટીંગ, રેડીમેઇડ ગારમેન્ટસ વગેરે.
- ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન કંપનીનાં પેટ્રોલ, ડીઝલ, ઓઇલનાં અધિકૃત વિક્રેતા.

શુભેચ્છા સહ...

શ્રી નિમેષભાઇ એસ. નાયક (પ્રમુખ) | શ્રી હેમંતકુમાર બી. નાયક (ઉપપ્રમુખ) | શ્રી આશિષ એ. નાયક (સેક્રેટરી)

તથા વ્યવસ્થાપક કમિટીના સભ્યશ્રીઓ



ખારેલ વિભાગ વિવિધ કાર્યકારી
સહકારી મંડળી લિ. ગણદેવા

મુ.પો. ખારેલ, તા. ગણદેવી, જિ. નવસારી
ફોન(૦૨૬૩૪) ૨૪૬૨૩૭

ચેરમેનશ્રી	સેક્રટરીશ્રી
અભિષેક એન. પટેલ	કમલ આર. નાયક
મો. ૯૯૭૯૦ ૧૪૪૧૧	મો. ૭૨૦૨૦ ૫૨૫૦૦

તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મંડળીના
કર્મચારીગણ અને સભાસદ પરિવાર.

દિપાવલી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામના

સહકારી
ખાંડ ઉદ્યોગ મંડળ લિ.

ગણદેવી (૩૯૬૩૬૦), વાયા-બીલીમોરા, જિ. નવસારી (વેસ્ટર્ન રેલ્વે)
ફોનઃ (૦૨૬૩૪) ૨૬૨૩૪૪, ૨૬૨૩૪૬ Email: gandevisugar56gmail.com

ચેરમેનઃ અમિતભાઈ ટી. પટેલ વાઈસ ચેરમેનઃ અલ્પેશ સી. દેસાઈ
મેનેજીંગ ડિરેક્ટર રાવ સાહેબ શેટ્ટી
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા ખેડૂત સભાસદો અને ગણદેવી સુગર ફેક્ટરી પરિવાર

Agricultural Produce Market Committee, Bilimora.
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,
સરદાર માર્કેટ, દેવસર, બીલીમોરા.

સર્વેને દિપાવલીની શુભેચ્છા

વિશિષ્ટતાઓ

- સરદાર માર્કેટ ખાતે તાજા શાકભાજી અને ફળફળાદિનું દૈનિક વેચાણ.
- બજાર ભાવ કરતા વાજબી ભાવે શાકભાજી અને ફળફળાદિ ખરીદવાનું ઉત્તમ સ્થળ.
- પાર્કિંગની સુવિધા અને સી.સી.ટી.વી. કેમેરાથી રક્ષિત માર્કેટ યાર્ડ.
- સવારે ૧૧.૦૦ વાગ્યા સુધી શાકભાજી અને ફળફળાદિનું છૂટક વેચાણ.
- બેંકીંગ અને પોષ્ટઓફિસ સુવિધા.

અમલસાડ માર્કેટ યાર્ડ :-

- તાલુકાના મુખ્ય ફળ પાકો ચીકુ અને કેરીનું જાહેર હરાજી દ્વારા વેચાણ.
- શુકવારે સાપ્તાહિક બજારનું આયોજન.

ગોવિંદભાઇ ટી. પટેલ
ચેરમેન

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તમામ

નિકુંજ ડી. નાયક
સેક્રેટરી

ધી ગણદેવી પીપલ્સ
કો-ઓપરેટિવ બેંક લી.

શાખાઓ :
ગણદેવી | ચીખલી | બીલીમોરા | વિજલપોર | કબીલપોર | સચીન

બેંકના તમામ સભાસદ તથા ગ્રાહક મિત્રોને

દિવાળી
તથા
નવા વર્ષની
હાર્દિક શુભકામના

પ્રમુખશ્રી	ઉપપ્રમુખશ્રી	સેક્રેટરીશ્રી	BOM પ્રમુખશ્રી	BOM ઉપપ્રમુખશ્રી	જનરલ મેનેજર
જસ્મીનભાઈ જે. દેસાઈ	શૈલેષકુમાર એલ. શાહ	ગોપાળભાઈ એમ. ગોહિલ	તુષારભાઈ એમ. વશી	મિતેશભાઇ બી જોષી	હેમાંશુભાઈ બી. વૈદ્ય

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા કર્મચારીગણ

શ્રી ગણદેવી તાલુકા અનાવિલ મંડળ, ગણદેવી

લગ્ન તેમજ અન્ય શુભ પ્રંસગો માટે પાર્ટી પ્લોટ તેમજ હોલ ની સુંદર વ્યવસ્થા. ખુબજ નજીવા દરે ઉપ્લબધ છે.

બધી જ્ઞાતિઓ માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

વહેલા તે પહેલા ધોરણે
આજે જ બુક કરાવો.

બધી જ્ઞાતિઓ માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

ફોન - 95375 72444

: સરનામું :
લ.ભ. નાયક સાંસ્કુતિક ભવન લલીતા બા પાર્ટી પ્લોટ
સરકીટ હાઉસ સામે, ગણદેવી

અન્ય સમાચારો

માસા ગામે કાળી ચૌદશે મહાકાળી માતાના મંદિરે ભવ્ય મેળો યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૩ : ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા આસ્થાના પ્રતીક સમાન માસા ગામે આસો વદ કાળી ચૌદશ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીના મંદિરે પરંપરાગત ભવ્ય મેળો યોજાયો હતો. સમગ્ર નવસારી જિલ્લા અને ગુજરાતભરમાંથી વહેલી સવારથી જ માઈભક્તોનું ઘોડાપૂર ઉમટી પડતાં મંદિર પરિસરમાં દર્શનાર્થે લાંબી કતારો જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ નાળિયેરની સૂકી વાટીમાં દીવો પ્રગટાવી પોતાની માનતા પૂર્ણ કરી માતાજીના આશીર્વાદ લીધા હતાં. મેળામાં ડાંગી સંગીત વાદ્યોના તાલે પરંપરાગત વેશભૂષામાં યુવાનો દ્વારા રજૂ કરાયેલું ઘેરૈયા નૃત્ય સૌ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું, જેના કારણે માસા-અમલસાડ માર્ગો ભક્તોની ભીડથી ઉભરાયા હતા.

આ પાવન અવસરે નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈ, શ્રી મહાકાળી માતા મંદિર ટ્રસ્ટના પ્રમુખ અનિલભાઈ પટેલ, સરપંચ રોકીતાબેન પટેલ, ઉપસરપંચ અશોક પટેલ તેમજ નીતિજ્ઞાબેન પટેલ, શૈલેષ હળપતિ, પ્રવિણ ઉર્ફ ભોજાભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ (ભાગરુ) અને મનીષ પટેલ સહિત ટ્રસ્ટીગણ અને અગ્રણીઓએ ઉપસ્થિત રહી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

સરોધી હાઈવે પર બાઈક ડિવાઈડર સાથે અથડાતા યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૧૩ : વલસાડ તાલુકાના સરોધી ફાટક બ્રિજ પાસે નેશનલ હાઈવે નંબર-૪૮ પર ગત તા. ૧૦ નવેમ્બરની સાંજે પૂર ઝડપે દોડતી નવી નકોર બાઈક રોડની બાજુના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા બાઈક પાછળ બેઠેલા સુરતના ૩૨ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક ચાલક યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા બેભાન અવસ્થામાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ધનતેરસે ખરીદેલી નવી બાઈક પર મિત્રને મળવા વાપી ગયા હતાં.

મૂળ રાજસ્થાનના સીકર જિલ્લાના વતની અને હાલ સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી ત્રિકમનગર પરમહંસ સોસાયટીમાં રહેતા હરફૂલસિંહ જીવનરામ ભાખર (ઉં.વ. ૪૮) શાકભાજીનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના સાળાના દીકરા સુનીલભાઈ જીવનરામ સારણ (રહે. બલેશ્વર સાઈવિલા સોસાયટી, તા. પલસાણા, જિ. સુરત)એ ગત તા.૦૯/૧૧/૨૦૨૬ના રોજ ધનતેરસના દિવસે જ પોતાના નામે ટીવીએસ (વ્સ્લ) કંપનીની નવી ૅરાઇડરૅ (ય્ભ્જ્ઞ્ય) મોટરસાયકલ (રજી. નં. GJ-19-DA-9635) ખરીદી હતી.

તા. ૧૦/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૭ વાગ્યે સુનીલભાઈ અને હરફૂલસિંહનો મોટો દીકરો દેવીલાલ ભાખર (ઉં.વ. ૩૨) આ નવી બાઈક લઈને વાપી ખાતે રહેતા તેમના મિત્રને મળવા માટે ગયા હતા. વાપીથી મિત્રને મળીને બંને યુવકો પરત સુરત તરફ આવી રહ્યા હતા. સાંજે ૬ કલાકે વલસાડ તાલુકાના સરોધી ફાટક બ્રિજ ઉતરતા મહાદેવ હોટલની સામે મુંબઈથી અમદાવાદ તરફ જતા રોડ પર બાઈક ચાલક સુનીલભાઈએ સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પૂરઝડપ અને બેદરકારીને કારણે બાઈક સીધી રોડની બાજુના ડિવાઈડર સાથે અથડાઈ હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે પાછળ બેઠેલા દેવીલાલને માથા, કપાળ, મોઢા અને પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે ચાલક સુનીલભાઈને પણ માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ દેવીલાલને મૃત જાહેર કરી પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડ્યા હતા, જ્યારે સુનીલભાઈ હાલ બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે. મૃતક દેવીલાલ સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં નોકરી કરતા હતા. તેમના અકાળે અવસાનથી પત્ની પૂજાબેન તેમજ બે માસૂમ પુત્રો જયંત (ઉં.વ. ૭) અને યુવરાજ (ઉં.વ. ૨) એ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ ઘટના અંગે મૃતકના પિતા હરફૂલસિંહ ભાખરે તા.૧૧/૧૧/૨૦૨૬ના રોજ બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જનાર બાઈક ચાલક સુનીલભાઈ જીવનરામ સારણ વિરુદ્ધ વલસાડ પોલીસ મથકે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

એસબીપીપી કો-ઓપરેટીવ બેંક લી. (શિડ્યુલ્ડ બેંક)
હેડ ઓફિસ : પારસી સ્ટ્રીટ, કિલ્લા-પારડી-૩૯૬૧૨૫, જિલ્લા-વલસાડ
ફોન નં.૦૨૬૦-૨૩૭૩૨૭૦, મોબાઈલ નં.૬૩૫૭૯૩૭૬૦૧

-: લોકર (સેઈફ ડિપોઝીટ વોલ્ટ) અંગેની અંતિમ જાહેર નોટિસ :-

એસબીપીપી કો-ઓપરેટિવ બેંક લિમિટેડની નીચે દર્શાવેલ શાખામાં, તેમની સામે દર્શાવેલ લોકર નંબર ધરાવતા ગ્રાહકોને નોટિશ આપવામાં આવે છે કે તમારું લોકર ઘણા વખતથી ખોલવામાં અઆવેલ નથી / ભાડું ભરાયેલ નથી / KYC પેપર્સ અપડેટ કરાવેલ નથી, આ બાબતે બેંક તરફથી જે તે ગ્રાકોએ પૂરા પાડેલ સરનામા ઉપર નોટિશ મોકલવામાં આવેલ હતી, આમ છતાં નોટિશનો અમલ થયેલ નથી કે કોઈ પ્રત્યુત્તર મળેલ નથી. જથી આ અંતિમ જાહેર નોટિશ દ્વારા જણાવવામાં આવે છે કે આ નોટિશ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં બેંકની જે - તે શાખામાં રૂબરૂ સંપર્ક કરી ઘટતી કાર્યવાહી કરશો. જો તેમ કરવામાં કસૂર કરશો તો જે - તે ગ્રાહકના ખર્ચે અને જોખમે લોકર બ્રેક-ઓપન કરવાની કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે અને લોકર ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. જે અંગે ભવિષ્યમાં કોઈ તકરાર કે વાંધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી, જેની ગંભીરતાથી નોંધ લઈ ભરવાપાત્ર રકમ તથા KYC ડોક્યુમેન્ટ્સ સાથે તાત્કાલિક જે - તે શાખાનો સંપર્ક કરવો.

૭ વર્ષ કે તેથી વધુ સમય થી લોકર ભાડા બાકી ગ્રાહકો ની યાદી

Sr. No	LOCKER HOLDER'S NAME	LOCKER NO	BRANCH
1	PATEL RAMILABEN ZINABHAI	A1-639	PARDI BRANCH
2	DESAI GITABEN JANUBHAI	F1-930	PARDI BRANCH
3	DESAI MOHANLAL KHANDUBHAI	A1-934	PARDI BRANCH
4	SHAH DEVENDRA CHANDULAL	B1-219	PARDI BRANCH
5	MEHRA MADHU ANIL	C1-837	PARDI BRANCH
6	VYAS KLAVATIBEN CHAMPAKLAL	A1-421	PARDI BRANCH
7	KADAKIA PRABHABEN RAMESHCHANDRA	A3-1569	VAPI BRANCH
8	PATEL NAVINCHANDRA VASHUBHAI	A3-1374	VAPI BRANCH
9	SANGANI BHAVESHBHAI HARISHBHAI	A3-1429	VAPI BRANCH
10	CHOKSHI MAHER RUMI	A1-902	VAPI BRANCH
11	NAIK SUSHILABEN HARSHADBHAI	A1-205	VAPI BRANCH
12	DESAI LALITABEN KHANDUBHAI	A1-381	VAPI BRANCH
13	VASANI AARTI DIPAK	A3-1757	VAPI BRANCH
14	MISTRY TARUNABEN MANSUKHLAL	A2-22240	VAPI BRANCH
15	SHAH KESHRICHAND MOTICHANDJI	B1-487	VAPI BRANCH
16	SANGAR KHIMJIBHAI BHANJIBHAI	A1-336	UDWADA BRANCH
17	DESAI DHIRUBHAI BHAGWANJI	A1-185	UDWADA BRANCH
18	VYAS MAYUR NARENDRA R.	A1-184	UDWADA BRANCH
19	NAGAR MANUBHAI CHHAGANLAL	A1-263	UDWADA BRANCH
20	DESAI HIRUBHAI DAYALJI/NATHUBHAI	A1-67	UDWADA BRANCH
21	DESAI MAHADEVBHAI GULABBHAI	A1-242	UDWADA BRANCH
22	VORA PARESH TULISIDAS	A1-67	GIDC BRANCH
23	PATEL GIRISH RAMANLAL	B3-560	GIDC BRANCH
24	TOPIWALA NARENDRA AMRUTLAL DAHYABHAI.	A1-256	GIDC BRANCH
25	PATEL RAMILABEN ZINABHAI	A1-137	PARNERA BRANCH
26	PATEL KHANDUBHAI CHHAGANBHAI PARAGJI	A1-138	PARNERA BRANCH
27	RAVAL RAJMAL BURAJI	A1-6	BHILAD BRANCH

કિલ્લા-પારડી — **શ્રી રાજેશભાઈ જી. રાણા**
તા.૧૧-૧૧-૨૦૨૬ — **કસ્ટોડિયન**

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Department of Land Acquisition- Dadra and Nagar Haveli
NOTICE

Purpose: Award U/s 23 of the RFCTLARR Act, 2013 for Road Widening from Kanadi Junction to Anklash Border, D&NH, Village: Naroli, Kanadi Award Notification No, LAQ/Kanadi-Anklash/Border/2023/1102A Dated: 13/10/2026. Note: Detailed Notification can be down-loaded from the official website of UT of DNH & DD or by scanning the QR code.

Land Acquisition Office, Dadra & Nagar Haveli
NO.: IP/DMN/2/5/2026-27/633 **DATED : 12/11/2026**

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Department of Land Acquisition- Dadra and Nagar Haveli
NOTICE

Purpose: Final R & R Report U/s 31 of the RFCTLARR Act, 2013 for Road Widening from Naroli Junction to Kanadi Junction to Anklash Border, D&NH. Village: Naroli. Final R B& R Report Notification No. LAQ/Naroli-AnklashBorder/101/2021/1115 Dated: 26/10/2026. Note: Detailed Notification can be downloaded from the official website of UT of DNH & DD or by scanning the QR code.

Land Acquisition Office, Dadra & Nagar Haveli
NO.: IP/DMN/2/5/2026-27/634 **DATED : 12/11/2026**

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Department of Land Acquisition- Dadra and Nagar Haveli
NOTICE

Purpose: Award U/s 23 of the RFCTLARR Act, 2013 for Road Widening from Naroli Junction to Kanadi Junction to Anklash Border, D&NH. Village: Naroli. Award Notification No. LAQ/Naroli-AnklashBorder/101/2021/1109A Dated: 15/10/2026. Note: Detailed Notification can be down-loaded from the official website of UT of DNH & DD or by scanning the QR code.

Land Acquisition Office, Dadra & Nagar Haveli
NO.: IP/DMN/2/5/2026-27/635 **DATED : 12/11/2026**

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

NOTICE INVITING E-PROCUREMENT TENDER
Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.

e- PTN No. : 43/2026-27/794
Tender ID No. : 2026_UTDNH_8326_1
Last date of download : 27/11/2026 at 12:00 hrs.
Last date of online submission : 27/11/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 27/11/2026 till 15:00 hrs.
Name of Work - Annual Operation and Maintenance Contract (AMC) for Rooftop Solar Plants in UT Of DNH & DD

www.dnhtenders.gov.in
ee-elec dnh@ddd.gov.in
026-2406500

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa
NO.: IP/DMN/2/5/2026-27/630 **DATED : 12/11/2026**

NAMO HOSPITAL, SILVASSA

UT of Dadra & Nagar Haveli and Daman & Diu
NAMO Hospital, Silvassa

No. NH/Appointment/STC/2026/1630
Date: 11/11/2026

ADVERTISEMENT

NAMO Hospital, Silvassa invites application from eligible candidates for various posts to be filled.

Last date of online application is **24/11/2026.**

For details please scan QR code
E-mail ID:
namohospital.silvassa@gmail.com

O/o NAMO HOSPITAL, SILVASSA, DNH

NO.: IP/DMN/2/5/2026-27/636 **DATED : 12/11/2026**













Health for all,
Hunger for none

BAYER



HAPPY DIWALI

Bayer wishes you & your loved ones
Immense Happiness, Good Health & Prosperity.

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**